અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ જુલાઈ ૨૦૨૩, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ સુદ તેરસ | અંક : ૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### બુમરાહ આયર્લેન્ડના પ્રવાસ પર રમતા જોવા મળી શકે છે



| મુંબઈ, તા.૩૦ |

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ બન્ને ટીમો એક સમયની વિશ્વ વિજેતા રહી ચુકી છે. એટલું જ નહીં બન્ને ટીમો એક સમયની પ્રબળ વિરોધી પણ રહી ચુકી છે. અને બન્ને ટીમોમાં એક સમયે વર્લ્ડ ક્લાસ ખેલાડીઓ પણ રહી ચુક્યા છે. તે સમયે ભારતીય ટીમ પાસે વર્લ્ડ ક્લાસ બેટર્સ હતા ત્યારે વેસ્ટ ઈન્ડિઝ પાસે વર્લ્ડ ક્લાસ બોલર્સની ફોજ હતી. આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. હાલ ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે વન-ડે શ્રેણી ચાલી રહી છે. આ સિરિઝની વચ્ચે એક મોટા સમાચાર એવા આવ્યાં કે, ભારતમાં એક ખતરનાક બોલર વાપસી કરી રહ્યો છે. ઉલ્લેખનીછે કે, ટીમ ઈન્ડિયા હાલમાં વેસ્ટ ઈન્ડિઝ સામે વનડે શ્રેણી રમી રહી છે. આ પછી બંને ટીમો વચ્ચે T20 સિરીઝ પણ રમાવાની છે.

### ટામેટાંનું વેચાણ કરીને માલામાલ બની ગયો ખેડૂત



| નવી દિલ્હી, તા.૩૦ |

ટામેટાંની આસમાને પહોંચેલી કિંમતો વચ્ચે આંધ્ર પ્રદેશના ચિતૂર જિલ્લામાં એક કિસાને ૪૫ દિવસમાં ટામેટાંની ૪૦,૦૦૦ પેટીઓ વેચી અને ૩ કરોડ રૂપિયાની કમાણી કરી છે. નોંધનીય છે કે ટામેટાંની ખેતી કરતા ખેડૂત પાસે ૨૨ એકર ખેતીની જમીન છે. જેમાં તેમણે એપ્રિલ મહિનામાં ટામેટાંનું વાવેતર કર્યું હતું. તેમણે ઝડપથી ઉત્પાદન કરવા માટે મલ્ચિંગ અને સારી સિંચાઈ સુવિધા જેવી તકનીકનો ઉપયોગ કર્યો હતો. ખેડૂતને પોતાના પ્રયાસમાં સફળતા મળી અને મોટા પાયે ટામેટાંનું ઉત્પાદન થયું હતું. તેણે કર્ણાટકના કોલાર માર્કેટમાં તેની ઉપજ વેચી.



## અંતરિક્ષની દુનિયામાં ભારતની નવી સફળતા

### ઈસરોએ એક સાથે લોન્ચ કર્યા સાત ઉપગ્રહો

### PSLV-C56

### સવારે ૬.૩૦ વાગ્યે શ્રીહરિકોટાથી લોન્ચ

### અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતે વધુ એક મોટી છલાંગ લગાવી

પૃથ્વીની તસવીરો લેતો ઉપગ્રહ પીએસએલવીથી મોકલવામાં આવે છે. PSLV SSPO ને ૧૭૫૦ કિલોગ્રામ વજનના ઉપગ્રહ મોકલી શકે છે.ત્રીજા કોમર્શિયલ મિશન બાદ હવે બધાની નજર ઈસરોના સૂર્ય મિશન પર છે. ISRO ઓગસ્ટના અંતમાં સૌર વાતાવરણનો અભ્યાસ કરવા PSLV રોકેટ પર તેના કોરોનોગ્રાફી ઉપગ્રહ આદિત્ય L1ને મોકલશે. પરંતુ સૌથી વધુ ચર્ચા ઈસરોના ચંદ્રયાન-3 મિશનની છે અને બધા ચંદ્ર પર તેના સફળ ઉતરાણની રાહ જોઈ રહ્યા છે. જેની સાથે ISRO સ્પેસ વર્લ્ડનો નવો બોસ બનશે.

| નવી દિલ્હી, તા.૩૦ |

મિશન ચંદ્રયાન-૩ બાદ અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતે વધુ એક મોટી છલાંગ લગાવી છે. ભારતની આ સફળતાના દુનિયાભરમાં વખાણ થઈ રહ્યાં છે. અંતરિક્ષ ક્ષેત્રે સંશોધન કરતા ભારતીય સંસ્થાન ઈસરોએ એક સાથે ૭ ઉપગ્રહો અવકાશમાં છોડીને સ્પેસ એન્ડ ટેકનોલોજી ક્ષેત્રે એક નવી ઉંચાઈ હાંસલ કરી લીધી છે. દુનિયાભરના દેશોની નજર હાલ ભારત પર છે. ISRO એ પોતાની સફળતાના ગૌરવને આગળ વધારતા અવકાશની દુનિયામાં વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. ઈસરોએ એક સાથે ૭ ઉપગ્રહો અવકાશમાં છોડ્યા છે. આ તમામ ઉપગ્રહોને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરના લોન્ચ પેડ પરથી લોન્ચ કરવામાં આવ્યા હતા. સિંગાપોરથી સાત ઉપગ્રહોના સફળ પ્રક્ષેપણ સાથે, ઈસરોએ આ વર્ષે તેનું ત્રીજું વ્યાવસાયિક પ્રક્ષેપણ પૂર્ણ કર્યું છે. ISRO એટલે કે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા દિવસેને દિવસે સફળતાના નવા આયામો લખી રહી છે. દરેક દિવસ નવી સફળતાને સ્પર્શે છે. મંગળથી લઈને ચંદ્ર સુધી દરેક જગ્યાએ ઈસરોના પગના નિશાન છે અને આજે ઈસરોએ વધુ એક નવો રેકોર્ડ બનાવ્યો છે.

ઈસરોએ સફળતાના ગૌરવને આગળ વધારીને અવકાશની દુનિયામાં વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે અને આ સફળતા છે એક સાથે ૭ ઉપગ્રહોને અવકાશમાં છોડવાની. તમામ ઉપગ્રહોને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરના લોન્ચ પેડ પરથી લોન્ચ કરવામાં આવ્યા હતા. સિંગાપોરથી સાત ઉપગ્રહોના સફળ પ્રક્ષેપણ સાથે, ઈસરોએ આ વર્ષે તેનું ત્રીજું વ્યાવસાયિક પ્રક્ષેપણ પૂર્ણ કર્યું છે. ઈસરોએ ૧૯૯૯થી અત્યાર સુધીમાં ૩૬ દેશોમાંથી ૪૩૧ વિદેશી ઉપગ્રહો લોન્ચ કર્યા છે. આ પહેલા ISROએ બે સફળ કોમર્શિયલ લોન્ચિંગ કર્યું છે. આ વર્ષે માર્ચમાં LVM3 રોકેટના ૩૬ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા હતા. એપ્રિલમાં પીએસએલવી રોકેટ દ્વારા સિંગાપોરના બે સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા હતા. જે TeLEOS-2 અને Lumilite-4ની પરિક્રમા કરે છે. ISRO એ PSLV-C56 રોકેટની મદદથી રડાર મેપિંગ સેટેલાઈટ DS-SAR અને ૬ અન્ય ઉપગ્રહોને અવકાશમાં છોડ્યા છે. ISRO અનુસાર, DS-SAR ઉપગ્રહ 360 kg વજનનો DSTA અને ST એન્જિનિયરિંગ, સિંગાપોર વચ્ચેની ભાગીદારી હેઠળ વિકસાવવામાં આવ્યો છે. લોન્ચ કર્યા પછી, આ ઉપગ્રહોની મદદથી, સિંગાપોર સરકારની વિવિધ એજન્સીઓ તેમના મિશન પૂર્ણ કરશે. ISRO એ તેના ૫૮મા સૌથી વિશ્વસનીય રોકેટ PSLV થી સિંગાપોર સેટેલાઈટ લોન્ચ કર્યો છે. ચાલો હવે તમને જણાવીએ કે ઈસરો તેના પીએસએલવી પર આટલો ભરોસો કેમ કરે છે અને તેની વિશેષતા શું છે? પીએસએલવીને પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ કહેવામાં આવે છે. ઈસરોએ જ તેને તૈયાર કર્યું છે. પીએસએલવીમાં લિક્વિડ રોકેટ એન્જિનનો ઉપયોગ થાય છે.

## પાકિસ્તાનમાં મોટો વિસ્ફોટ

## રાજકીય પાર્ટીના સંમેલનમાં બ્લાસ્ટથી ૨૦ લોકોના મોત

### ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે : વિસ્ફોટ ઘણો ઘાતક હતો, આ સ્થિતિમાં ઘાયલ અને મૃતકોની સંખ્યા વધી શકે

| અયોધ્યા, તા.૩૦ |

પાકિસ્તાનથી એક મોટા બોમ્બ ધમાકાના સમાચાર સામે આવ્યા છે. આ બ્લાસ્ટ ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના બાજોરમા થયો છે. પોલીસે જિયો ન્યૂઝને જણાવ્યું કે રવિવારે બાજોરના ખારમાં જમીયત ઉમેલા-એ-ઈસ્લામ-ફઝલ (જેયૂઆઈ-એફ) ના કાર્યક્રમ સંમેલનમાં થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા છે. પોલીસે જણાવ્યું કે ૫૦ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે અને મોટી સંખ્યામાં ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ



કરવામાં આવ્યા છે. પાકિસ્તાની ન્યૂઝ વેબસાઈટ જિયો ન્યૂઝનો એક કેમેરામેન પણ ઈજાગ્રસ્ત થયો છે.

સમાચાર પ્રમાણે વિસ્ફોટ સંમેલની અંદર થયો અને સુરક્ષા એજન્સીઓએ આ વિસ્તારમાં ઘેરાબંધી કરી છે. સોશિયલ મીડિયા પર બ્લાસ્ટ બાદના વીડિયો અને તસવીરો શેર કરવામાં આવી રહી છે. ઈજાગ્રસ્તો અને મૃત્યુ પામનારની સંખ્યા વધી શકે છે. જેયૂઆઈએફના વરિષ્ઠ નેતા હાફિઝ હમદુલ્લાએ પાકિસ્તાન ન્યૂઝ ચેનલ SAMAA ટીવી સાથે વાત કરતા સરકારને ઈજાગ્રસ્તો માટે ઈમરજન્સી ચિકિત્સા ઉપલબ્ધ કરાવવાની અપીલ કરી છે. JUIF નેતાએ કહ્યું, આ જેહાદ નથી. આ આતંકવાદ છે. તેમણે કહ્યું કે, આ પહેલો વિસ્ફોટ નથી જેમાં JUI-Fના કાર્યકર્તાઓ પર હુમલો કરવામાં આવ્યો હોય. તેમણે બાજોરમાં અગાઉ થયેલા વિસ્ફોટો અંગે સરકારી સંસ્થાઓના વલણ પર પણ સવાલો ઉઠાવ્યા હતા.

## કારમાંથી લોહીના ડાઘા મળ્યા, પોલીસનું સર્ચ ઓપરેશન

## ઇદની રજા પર ઘરે આવેલો સેનાનો એક જવાન ગુમ થયો

### તે ઘરેથી બજારમાં સામાન ખરીદવા ગયો હતો : તેની કાર મળી આવી છે પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો નથી

| શ્રીનગર, તા.૩૦ |

દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના અસ્થલ વિસ્તારમાંથી શનિવારે સાંજે આર્મીનો એક જવાન ગુમ થયો હતો. સૈનિકની ઓળખ જાવિદ અહમદ વાની તરીકે થઈ છે, જે મોહમ્મદ અયૂબ વાનીનો પુત્ર છે, તેઓ અસ્થલના રહેવાસી છે. લદાખના લેહ ખાતે તૈનાત ગુમ થયેલો ભારતીય સેનાનો જવાન ઈદ-ઉલ-અઝહાની રજા પર ઘરે આવ્યો હતો. ગઈકાલે સાંજે જવાન તેના અલ્ટો વાહન રજીસ્ટ્રેશન નંબર (JK-18B 7201)માં કેટલીક ખાદ્ય સામગ્રી ખરીદવા માટે ચાવલગામ વિસ્તારમાં ગયો હતો. ત્યારથી તે પાછો ફર્યો ન



હોવાનું તેના પરિવારજનોએ જણાવ્યું હતું. દરમિયાન ગુમ થયેલા સૈનિકની માતાએ એક વિડીયો મેસેજમાં તમામને અપીલ કરી હતી કે તેઓ તેમના પુત્રને ઘરે પરત લાવવામાં આવે. માતાએ કહ્યું કે, મારો પુત્ર નિર્દોષ છે અને તે ઘણો નાનો છે. મારા દીકરાએ કંઈ ખોટું કર્યું હોય તો હું માફી માંગું છું.

## પીએમ મોદીના ખાસ કાર્યક્રમ મન કી બાતમાં રાજકોટ ચમક્યું

## વડાપ્રધાન મોદીએ રાજકોટના ચિત્રકારના ભરપેટ વખાણ કર્યા

### ગત વર્ષે સ્વતંત્રતા દિવસના અવસર પર હર ઘર તિરંગા અભિયાન માટે દેશ એકસાથે આવ્યો હતો, તેવી જ રીતે દરેક ઘર પર ત્રિરંગો ફરકાવવાનો છે : મોદી

| નવી દિલ્હી, તા.૩૦ |

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ખાસ કાર્યક્રમ મન કી બાતમાં રાજકોટ ચમક્યું. ઉલ્લેખનીય છેકે, અવારનવાર મનકી બાત કાર્યક્રમમાં ગુજરાતના કોઈકને કોઈક શહેર કે જિલ્લાની કોઈને કોઈક વ્યક્તિ જરૂર ચમકતી આવી છે. પ્રધાનમંત્રી પોતાના ગૃહરાજ્યમાંથી સારી કામગીરી કરનાર કોઈકને કોઈક અનોખી



વ્યક્તિને શોધીને તેની સાથે જરૂર વાતચીત કરી છે. આ વખતના એપિસોડમાં આવી અનેરી તક રાજકોટને મળી. અને રોજકોટના એક ચિત્રકારને મળી. વડાપ્રધાન મોદીએ મનકી બાત કાર્યક્રમમાં રાજકોટના એક ચિત્રકારના ભરપેટ વખાણ કર્યા. મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ તેના ચિત્રનો ઉલ્લેખ કર્યો. આ ચિત્રકારનું નામ છે, પ્રભાતસિંહ બારહટે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે મને ખુશી છે કે આ દિવસોમાં ઉજ્જૈનમાં એક સરસ પ્રયાસ ચાલી રહ્યો છે. અહીં દેશભરના ૧૮ ચિત્રકારો પુરાણો પર આધારિત આકર્ષક ચિત્રો બનાવી રહ્યા છે. આ ચિત્રો બુંદી શૈલી, નાથદ્વારા શૈલી, પહાડી શૈલી અને અપભ્રંશ શૈલી જેવી ઘણી વિશિષ્ટ શૈલીમાં બનાવવામાં આવશે. આને ઉજ્જૈનના ત્રિવેણી મ્યુઝિયમમાં પ્રદર્શિત કરવામાં આવશે એટલે કે થોડા સમય પછી, જ્યારે તમે ઉજ્જૈન જશો, ત્યારે તમે મહાકાલ મહાલોકની સાથે અન્ય દિવ્ય સ્થાનના દર્શન કરી શકશો. મિત્રો, ઉજ્જૈનમાં બનેલા આ પેઈન્ટિંગ્સ વિશે વાત કરતી વખતે મને બીજી એક અનોખી પેઈન્ટિંગ યાદ આવી ગઈ. આ પેઈન્ટીંગ રાજકોટના કલાકાર પ્રભાતસિંહ મોડભાઈ બારહતે એ બનાવ્યું છે. આ પેઈન્ટિંગ છત્રપતિ વીર શિવાજી મહારાજના જીવનની એક ઘટના પર આધારિત હતી. કલાકાર પ્રભાતે બતાવ્યુ હતું કે રાજ્યાભિષેક પછી છત્રપતિ શિવાજી મહારાજ તેમની કુળદેવી 'તુલજા માતા'ના દર્શન કરવા જઈ રહ્યા છે, તો તે સમયે કેવું વાતાવરણ હતું. આ એક ઉત્તમ ચિત્ર હતું.

આ ઉપરાંત પીએમ મોદીએ પોતાના મનકી બાત કાર્યક્રમમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. ખાસ કરીને વડાપ્રધઆન મોદીએ મન કી બાતમાં પૂરનો ઉલ્લેખ કર્યો, બચાવ કાર્યમાં લાગેલા NDRFની પ્રશંસા કરી. પીએમ નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં કહ્યું કે આપત્તિનો સામનો કરવામાં આપણી શક્તિ અને સંસાધનોની સાથે સાથે એકબીજાનો હાથ પકડવાની લાગણી પણ એટલી જ મહત્વપૂર્ણ છે.

મન કી બાતનો આજે ૧૦૩મો એપિસોડ હતો. જેમાં પીએમ મોદીએ જણાવ્યુંકે, જુલાઈ મહિનો એટલે કે ચોમાસાનો મહિનો, વરસાદનો મહિનો, છેલ્લા કેટલાક દિવસો કુદરતી આફતોના કારણે ચિંતાઓ અને પરેશાનીઓથી ભરેલા રહ્યા છે. પરંતુ મિત્રો, આ આફતો વચ્ચે આપણે બધા દેશવાસીઓએ ફરી એકવાર સામૂહિક પ્રયાસની શક્તિ બતાવી છે. સ્થાનિક લોકો, આપણા NDRF જવાનો, સ્થાનિક વહીવટીતંત્રના લોકોએ આવી આફતો સામે રાત-દિવસ લડત આપી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોઈપણ આપત્તિનો સામનો કરવામાં આપણી શક્તિ અને સંસાધનો મોટી ભૂમિકા ભજવે છે, પરંતુ તેની સાથે સાથે આપણી સંવેદનશીલતા અને એકબીજાનો હાથ પકડીને હાથ પકડવાની ભાવના પણ એટલી જ મહત્વપૂર્ણ છે. સૌના કલ્યાણની આ ભાવના જ ભારતની ઓળખ છે અને ભારતની તાકાત પણ છે. મિત્રો, વરસાદનો આ સમય 'વૃક્ષો વાવણી' અને 'જળ સંરક્ષણ' માટે પણ એટલો જ મહત્વનો છે. આઝાદીના 'અમૃત મહોત્સવ' દરમિયાન બનેલા ૬૦ હજારથી વધુ અમૃત સરોવરની ચમક પણ વધી છે. અત્યારે ૫૦ હજારથી વધુ અમૃત તળાવો બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આપણા દેશવાસીઓ સંપૂર્ણ જાગૃતિ અને જવાબદારી સાથે 'જળ સંરક્ષણ' માટે નવા પ્રયાસો કરી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે હાલમાં પવિત્ર માસ 'સાવન' ચાલી રહ્યો છે. સદાશિવ મહાદેવની પૂજા સાથે 'સાવન'નો સંબંધ હરિયાળી અને આનંદ સાથે છે. એટલા માટે 'સાવન' આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક દ્રષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સાવન ઝૂલવું, સાવન મહેંદી, સાવન તહેવાર એટલે 'સાવન' એટલે આનંદ અને ઉલ્લાસ. મિત્રો, આ શ્રદ્ધા અને આપણી આ પરંપરાઓની બીજી બાજુ પણ છે. આપણા આ તહેવારો અને પરંપરાઓ આપણને ગતિશીલ બનાવે છે. શવનમાં શિવની પૂજા કરવા માટે ઘણા ભક્તો કંવર યાત્રા પર જાય છે. આ દિવસોમાં 'સાવન'ના કારણે ઘણા ભક્તો ૧૨ જ્યોતિર્લિંગમાં પહોંચી રહ્યા છે. તમને એ પણ જાણવું ગમશે કે બનારસ પહોંચનારા લોકોની સંખ્યા પણ રેકોર્ડ તોડી રહી છે. હવે દર વર્ષે ૧૦ કરોડથી વધુ પ્રવાસીઓ કાશી પહોંચી રહ્યા છે. આ બધું આપણા સાંસ્કૃતિક સમૂહ જાગૃતિનું પરિણામ છે. તેના દર્શન માટે હવે દુનિયાભરમાંથી લોકો આપણા તીર્થધામોમાં આવી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે જેમ ગત વર્ષે સ્વતંત્રતા દિવસના અવસર પર 'હર ઘર તિરંગા અભિયાન' માટે આખો દેશ એકસાથે આવ્યો હતો, તેવી જ રીતે આ વખતે પણ આપણે દરેક ઘર પર ત્રિરંગો ફરકાવવાનો છે અને આ પરંપરાને ચાલુ રાખવાની છે. આ પ્રયાસોથી આપણને આપણા કર્તવ્યનો અહેસાસ થશે, દેશની આઝાદી માટે આપેલા અસંખ્ય બલિદાનનો આપણને અહેસાસ થશે, આપણને આઝાદીની કિંમતનો અહેસાસ થશે.

### અંજુએ પતિને કહ્યું હતું કે, તે ગમે તે હદ સુધી જઈ શકે છે

## પતિને ધમકાવ્યા બાદ અંજુએ ભારત આવવાનો રસ્તો બંધ કર્યો

### અંજુએ ફાતિમા બનીને નસરુલ્લા સાથે નિકાહ કર્યા હતા

| નવી દિલ્હી, તા.૩૦ |

ભારતથી પાકિસ્તાન જઈને ઈસ્લામ ધર્મ અપનાવીને ફાતિમા બની ચૂકેલી અંજુને પાકિસ્તાનના એક બિઝનેસમેને રહેવા માટે એક ફ્લેટ આપ્યો છે. આ સિવાય અંજુને નોકરી આપવાની વાત પણ કરી છે. આ દરમિયાન અંજુએ તેના પતિ અરવિંદને ફોન કરીને ધમકી આપી હતી અને અપ શબ્દો પણ કહ્યા હતા. ત્યારે સવાલ એ થાય છે કે શું હવે અંજુ ભારત પરત ફરશે કે નહીં. તેણે ઈસ્લામ પણ અપનાવ્યો છે અને પાકિસ્તાનમાં ફ્લેટ પણ મળ્યો છે. હવે પતિને ધમકાયો ત્યારે શું ખરેખર અંજુએ ભારત પરત ફરવાના રસ્તા બંધ કરી દીધા છે. અગાઉ અંજુએ એવો દાવો કર્યો હતો કે, તેણે નસરુલ્લા સાથે નિકાહ કર્યા નથી. અંજુ અને નસરુલ્લાનો નવો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોાં અંજુ અને નસરુલ્લાના



સંબંધીઓ તથા પરિવારના સભ્યો નિકાહ બાદ ગિફ્ટ આપતા નજરે પડી રહ્યા છે. અંજુએ ફાતિમા બનીને નસરુલ્લા સાથે નિકાહ કર્યા હતા. અંજુના પાકિસ્તાન ગયા બાદ રોજે રોજ નવા નવા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જે હાર ખૂબ જ ચર્ચામાં છે. જો કે, બીજી તરફ ખુધ અંજુ નિકાહ કર્યા હોવાની વાતનો ઈનકાર કરી રહી છે. અંજુનું કહેવું છે કે, તે ટૂંક સમયમાં ભારત પરત ફરશે.

### મહિલા રાત્રે યુએસ કોન્સ્યુલેટની આસપાસ ફરતી હતી

## સીમા હૈદર બાદ હવે કોલકાતામાં એક પાકિસ્તાની મહિલા સામે આવી

### શંકાસ્પદ રીતે ફરતી જોવા મળતા તેને કસ્ટડીમાં લેવામાં આવી હતી

| કોલકાતા, તા.૩૦ |

કોલકાતામાં અમેરિકન કોન્સ્યુલેટની સામે ગઈકાલે મોડી રાત્રે એક મહિલાની શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. તે પાકિસ્તાની મહિલાને શંકાના આધારે અટકાયતમાં લેવામાં આવી હતી અને લાંબા સમય સુધી તેની પૂછપરછ કરવામાં આવી હતી. જો કે, પુરાવાના અભાવે, કોલકાતા પોલીસે ૨૪ કલાક બાદ તેને છોડી હતી.



તાજેતરમાં સીમા હૈદરની ઘટનાને જોતા કોલકાતા પોલીસ આ ઘટનાને લઈને સતર્ક છે. આ મહિલા શુક્રવારે રાત્રે યુએસ કોન્સ્યુલેટની આસપાસ ઘૂમી રહી હતી. ઝઝૂફ માં તે શંકાસ્પદ રીતે ફરતી જોવા મળતા તેને કસ્ટડીમાં લેવામાં આવી હતી. તે મહિલા પાસેથી પાકિસ્તાની પાસપોર્ટ મળતાં પોલીસ વધુ સતર્ક થઈ હતી. પાકિસ્તાનમાં વોટ્સએપ અને ટેલિગ્રામ પર ઘણા ફોન કોલ્સ અને સોશિયલ મીડિયા ચેટ જોયા પછી શંકા વધી હતી. થોડા દિવસો પહેલા જ શંકાસ્પદ પાકિસ્તાની નાગરિક સીમા હૈદર ઉત્તર પ્રદેશની છ્જીના હાથે ઝડપાઈ હતી. ત્યારથી દેશના દરેક રાજ્ય અને શહેરમાં ગુપ્ત પોલીસ એલર્ટ પર છે. ૨૧ વર્ષ પહેલા કોલકાતામાં અમેરિકન સેન્ટર પર આતંકી હુમલો થયો હતો. પરિણામે અમેરિકી કોન્સ્યુલેટની સામે પાકિસ્તાની મહિલાના શંકાસ્પદ વર્તનને લઈને પોલીસ સતર્ક બની હતી. પોલીસે તેને કસ્ટડીમાં લીધી અને લગભગ ૨૪ કલાક સુધી તેની પૂછપરછ કરી હતી.

### ખૂંખાર ગેંગ સુરતથી પકડાઈ

# ગુજરાતમાં દિવસે ફુગ્ગા વેચતા, ને રાતે અંડર ગારમેન્ટ્સ પહેરી ચોરી કરતા

## આણંદ, વડોદરા, અમદાવાદ ખાતે પોતાની ગેંગ સાથે આવી ખુલ્લી જગ્યામાં પડાવ નાંખી રોકાણ કરતા હતા

| સુરત, તા.૩૦ |

ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં ઘરફોડ ચોરીઓ કરતી તસ્કરોની ગેંગના બે શખ્સોને સુરતની ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધા હતા. અલગ અલગ રાજ્યોમાં ૫૦ કરતાં વધારે ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપનાર ચડ્ડી બનિયાન ધારી ગેંગના બે ઈસમોને પકડવામાં મોટી સફળતા મળી છે. આ શખસો પાસેથી અલગ અલગ પ્રકારના પાના, પેચિયા તેમજ એક મોટર સાયકલ અને ૧,૦૦૦ રોકડા સહિત ૫૬,૯૭૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દેશના અલગ-અલગ રાજ્યો ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, મધ્યપ્રદેશ, દિલ્લી, નોઈડા, હરિયાણામાં ઘાડ-ઘરફોડ ચોરીને અંજામ આપતી આંતરરાજ્ય કુખ્યાત ચડ્ડી બનિયાનધારી પારધી ગેંગના બે આરોપીને સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યા છે. આરોપીની ધરપકડ થતા સુરત શહેર, આણંદ, વડોદરા તેમજ આંતરરાજ્યના ૫૦થી વધુ ઘરફોડ ચોરી અને વાહનચોરીના ગુનાઓ આચર્યા હોવાનું બહાર આવ્યું છે. પોલીસથી બચવા આ ગેંગ ચોરી કરવા પ



હેલા કપડા કાઢી ચડ્ડી અને બનીયાનમાં બાદમાં બહાર નીકળી કપડા પહેરી ફરાર થઈ જતી હતી.

સુરત ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન બાતમી મળી હતી કે, મધ્યપ્રદેશની ચડ્ડી-બનીયાનધારી ગેંગના માણસો છેલ્લા ઘણા દિવસથી સુરત શહેરના અલગ-અલગ વિસ્તારમાં રાત્રિના સમયે ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપે છે અને આરોપીઓ સરથાણા કેનાલ ખાતે આવવાના છે. જે આધારે સરથાણા કેનાલ રોડ પરથી આંતરરાજ્ય ઘાડ-ઘરફોડ ચોરી કરતી કુખ્યાત ચડ્ડી-બનિયાનધારી પારધી ગેંગના આરોપી રાજબાપુસિંગ પવાર (પારધી) અને અવિનાશ હિમંત સોલંકી (પારધી)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપી પાસેથી એક બાઈક, રોકડ રૂપિયા ૧ હજાર તેમજ ઘરફોડ ચોરી કરવા માટેના સાધનો જેવા કે, હાઈડ્રોલિક ગ્રીલ કટર, પેચિયું, તાર કટિંગ કરવાનું પકડ, ટોર્ચ, લોખંડના પાના, ગિલોલ વગેરે મળી કુલ ૫૬ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે આરોપીની કડક પૂછપરછ કરતા એવી હકીકત જાણવા મળી હતી કે, છેલ્લા ઘણા સમયથી આરોપીઓ પોતાની ગેંગ સાથે ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા,કર્ણાટક, મધ્યપ્રદેશ, દિલ્ગી નોઈડા, હરિયાણા ખાતે ઘરફોડ ચોરી ધાડ લૂંટ વાહન ચોરીના ગુનાઓ કરતા છે. આ ગેંગ સુરત શહેર તેમજ ગુજરાતના અલગ-અલગ જિલ્લા જેમ કે, આણંદ, વડોદરા, અમદાવાદ ખાતે પોતાની ગેંગ સાથે આવી ખુલ્લી જગ્યામાં પડાવ નાંખી રોકાણ કરતા હતા. પોતાની કરતૂત છુપાવવા દિવસ દરમિયાન ફુગ્ગા વેચવાનું કામ કરતા હતા. આ ગેંગ સુરત શહેરમાં જુદા-જુદા વિસ્તારમાં ફરી ખુલ્લી જગ્યા પાસે ફૈં બંગલાઓને કે દુકાનોના શો-રૂમને ટાર્ગેટ કરી રાત્રિના આશરે દોઢથી બે વાગ્યાના અરસામાં ઝ્રઝ્઱ કેમેરામાં ઓળખ ન થઈ જાય અને પોલીસ તેમને ન પકડી શકે તે રીતે ચોરીને અંજામ આપતા હતા.

### ૫૦૦ જેટલા કારીગરો ૧૦ દિવસમાં પૂરો કરશે ઓર્ડર

# સુરતના વેપારીને મળ્યો ૫૦ લાખ તિરંગાનો ઓર્ડર

## ૧૫ ઓગસ્ટ આવવા માટે માત્ર ૧૭ દિવસ બાકી રહ્યા છે ત્યારે સુરતના વેપારીને ૫૦ લાખ તિરંગાનો ઓર્ડર

| સુરત, તા.૩૦ |

સુરતના વેપારીને એક સાથે ૫૦ લાખ તિરંગાનો ઓર્ડર મળ્યો ઓર્ડર છે. માત્ર ૧૨ દિવસમાં ૪૦૦ જેટલા કારીગરો ૩૫ લાખ મીટર કાપડમાંથી ૫૦ લાખ તિરંગા બનાવી રહ્યા છે.

દેશનો સૌથી મોટો ઓર્ડર માનવામાં આવી રહ્યો છે. ૧૦ ઓગસ્ટ પેહલા આ તિરંગા દેશના અલગ અલગ મોકલવા રાત દિવસ તૈયારી શરૂ કરી દેવાઈ છે. મહત્વની વાત એ પણ છે કે, કારીગરો હાથમાં તિરંગા લઈ ભારત માતાની જયના નારા સાથે તિરંગા બનાવવાની શરૂઆત કરતા હોય છે. જેથી સ્વતંત્ર દિવસ પહેલા જ કારીગરો સ્વતંત્ર દિવસની ઉજવણી કરતા હોય તે રીતના અનુભવી રહ્યાં છે.

૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર પર્વની આ વર્ષે પણ સમગ્ર દેશ ઉત્સાવેર અને ધામધૂમપૂર્વક ઉજવણી કરશે તેવું અત્યારથી જોવા મળી રહ્યું છે. ગત વર્ષે દેશના પ્રધાનમંત્રીએ આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે હર ઘર તિરંગા મુહિમ ચલાવી લોકોને ઘરે ઘરે તિરંગા લહેરાવા આહવાન કર્યું હતું. જેને લઈ સુરતમાં ૫૦ કરોડથી વધુ તિરંગા બન્યા હતા અને સમગ્ર દેશના ખૂણે ખૂણે



પહોંચ્યા હતા. ત્યારે આ વર્ષે પણ સુરતના મોટા વેપારીને તિરંગાનો સૌથી મોટો ઓર્ડર મળ્યો છે. સુરતની પાંડેસરામાં આવેલી મિલના એક વેપારીને ૫૦ લાખ તિરંગા બનાવવાનો ઓર્ડર મળ્યો છે. એટલે આ વર્ષે પણ સુરતના તિરંગા દેશના ખૂણે ખૂણે જઈ લોકોના ઘરો પર લહેરાશે.

દેશના આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા ગત ૭૫ કા આઝાદી કા અમૃત મહોત્સવ તરીકે સમગ્ર દેશમાં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત દેશના પ્રધાનમંત્રીએ આઝાદીકા અમૃત મહોત્સવ માં સ્વાતંત્ર પર્વની ઉજવણી નો ભાગ બનવા માટે હર ઘર તિરંગા અભિયાન શરૂ કર્યું હતું. જેમાં લોકોને સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવા ઘરે ઘરે તિરંગા લહેરાવીને રાષ્ટ્રભક્તિ દર્શાવવા આહવાન કર્યું હતું. જેને લઈ સમગ્ર દેશ ૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર પર્વને લઈ તિરંગા થી રાષ્ટ્રભક્તિમય બની ગયો હતો. ત્યારે આ વર્ષે પણ લોકોમાં તેટલા જ ઉત્સાહમાં રાષ્ટ્રભક્તિનો પ્રેમ જોવા મળશે તેવું લાગી રહ્યું છે. આ વર્ષે પણ લોકો ઘરે ઘરે તિરંગાઓ લહેરાવશે તેઓ સુરતના કાપડ વેપારીને તિરંગાના મળી રહેલા ઓર્ડર પરથી લાગી રહ્યું છે. અને આ વર્ષે પણ ગત વર્ષની જેમ જ સ્વાતંત્ર પર્વની લોકો ઉત્સાવે ઉજવણી કરશે.

સ્વાતંત્ર પર્વના દિવસને લઈ સુરત એ ગયા વર્ષે ૧૦ કરોડ તિરંગા બનાવીને રેકોર્ડ સ્થાપ્યો હતો. આ તિરંગા દેશભરના ઘરો પર લહેરાયા હતા. ત્યારે આ વર્ષે પણ સ્વાતંત્ર પર્વ માટે સુરત નવું રેકોર્ડ બનાવવાની દિશા માં આગળ વધી રહ્યું છે. સમગ્ર દેશમાં એક સાથે ૫૦ લાખ તિરંગાનો ઓર્ડર સુરતના લક્ષ્મીપતિ મિલના વેપારીને મળ્યો છે. ખૂબ જ ટૂંકા ગાળામાં એક સાથે ૫૦ લાખ તિરંગા બનાવી આપવાનો આ ઓર્ડર અત્યાર સુધીમાં સૌથી મોટો માનવામાં આવી રહ્યો છે. જેની માટે વેપારીએ તમામ તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે.

### અંબાજી જતા શ્રદ્ધાળુઓ માટે મહત્વપૂર્ણ સમાચાર

# અંબાજીની ગબ્બર રોપ-વે સેવા ચાર દિવસ બંધ રહેશે

## મેઈનટેઈનન્સની કામગીરીના કારણે ૨ થી ૫ ઓગસ્ટ સુધી ગબ્બર રોપ વે સેવા બંધ રાખવાનો નિર્ણય લેવાયો

| અંબાજી, તા.૩૦ |

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે માં અંબાના દર્શન કરવા જતા શ્રદ્ધાળુઓ માટે મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. અંબાજીની ગબ્બર રોપ-વે સેવા ચાર દિવસ બંધ રહેશે. મેઈનટેઈનન્સની કામગીરીના કારણે સેવા બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ૨ થી ૫ ઓગસ્ટ સુધી ગબ્બર રોપ વે સેવા બંધ રહેશે. દર્શનાર્થીઓની સુરક્ષા અને સલામતીના પગલે આ નિર્ણય લેવાયો છે. જેના કારણે માઈભક્તોને પગથિયા ચડીને ગબ્બર પર્વત પર જઈ શકશે. પરંતુ ૬ ઓગસ્ટથી રોપ વે સેવા રાબેતા મુજબ ચાલુ રહેશે. અંબાજી મંદિર ખાતે જગતજનની માં અંબાના દર્શનાર્થે દરરોજ હજારોની સંખ્યામાં માઈભક્તો આવતા હોય છે. ત્યારે ઉષા બ્રેકર્સ દ્વારા અંબાજીના ગબ્બર પર્વત પર ૪ દિવસ સુધી રોપ-વે સુવિધા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રોપ-વેની મેઈન્ટેનેન્સની કામગીરીને લઈને ૨ ઓગસ્ટથી ૫ ઓગસ્ટ સુધી રોપ-વે બંધ રહેશે. આ સમય દરમિયાન યાત્રાળુઓ પગથિયા ચડીને માતાજીની અખંડ જ્યોતના દર્શન કરી શકશે. ૬ ઓગસ્ટથી રોપ-વે સુવિધા રાબેતા મુજબ શરૂ થશે. તમને જણાવી દઈએ કે, સુપ્રસિદ્ધ અંબાજી ગબ્બર પર્વત પર માતાજીની અખંડ જ્યોતના દર્શન કરવા જતા યાત્રાળુઓની સુવિધા માટે રોપ-વે ઉપલબ્ધ છે. પરંતુ સમયાંતરે ઉષા બ્રેકર્સ દ્વારા રોપ-વે સેવા માટે મેઈનટેઈનન્સ કરવામાં આવે છે. આ રોપ-વેની વર્ષભરમાં સમયસર દેખરેખ રાખવામાં આવતી હોય છે.

## જામનગર : સપડા ડેમમાં ન્હાવા પડેલા ૫ લોકો ડૂબ્યા

| જામનગર, તા.૩૦ |

જામનગરથી એક ગમખ્વાર સમાચાર સામે આવી રહ્યા છે અહીં સપડા ડેમમાં એક જ પરિવારના ત્રણ લોકો સહિત ૫ લોકો ડૂબ્યા હોવાના સમાચાર સામે આવ્યા છે. જામનગરથી સપડા ડેમ ખાતે એક જ પરિવારના ત્રણ લોકો સહિત ૫ લોકો ન્હાવા ગયા હતા જેઓ અચાનકથી તેમા ડૂબી ગયા હતા. આ પાંચેય લોકોના આ ઘટનામાં મોત નીપજ્યા છે. જેમાં બે મહિલા અને ૩ પુરુષોના મૃતદેહ મળી ગયા છે. આ ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડ દ્વારા રેસ્ક્યું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, જામનગરમાં એક જ પરિવારના ૩ અને ૨ પાડોશી સહિત ૫ લોકો સપડા ડેમમાં ન્હાવા ગયા હતા. જેઓ પાણીના પ્રવાહમાં તણાયા હતા અને ડૂબી ગયા હતા. જે બાદ સ્થાનિક લોકોએ જોતા ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

### મર્સિડીઝ કાર લઇ રોડની વચ્ચોવચ સ્ટંટ કરતા હતા

# રોડની વચ્ચોવચ સ્ટંટ કરનારા શેખ બંધુઓની ધરપકડ કરાઈ

## ડુમસ રોડ પર વેલેન્ટાઇન સિનેમા નજીક કાર પર બેસીને એક યુવક સ્ટંટ કરતો હોય તે પ્રકારનો વીડિયો વાયરલ

| સુરત, તા.૩૦ |

સોશિયલ મીડિયામાં ફેમસ થવા માટે અથવા તો પોતાના ફોલોઅર્સ વધારવા માટે કેટલાક યુવાનો ઓવર સ્પીડમાં વાહન ચલાવતા હોય છે અથવા તો વાહનો લઈ અલગ-અલગ સ્ટંટ કરતા હોય છે.

આવા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થાય છે ત્યારબાદ જોખમી રીતે વાહન ચલાવતા અને વાહન લઈ સ્ટંટ કરતા યુવકો સામે સુરત પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે સુરતના ડુમસ રોડ પર મર્સિડીઝ કાર સાથે સ્ટંટ કરનારા શેખ બંધુઓની ઉમરા પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

સુરતના ડુમસ રોડ પર વેલેન્ટાઈન સિનેમા નજીક એક કાર પર બેસીને એક યુવક સ્ટંટ કરતો હોય તે પ્રકારનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ વાયરલ વીડિયોના આધારે સુરત પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી અને આ વીડિયો ઉમરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારનો હોવાના કારણે ઉમરા પોલીસ દ્વારા વીડિયોના આધારે તપાસ કરી વીડિયો બનાવનારા શેખ બંધુઓની ધરપકડ કરવામાં આવી છે.

## ત્રણ લોકોની નકલી ચલણી નોટો સાથે ધરપકડ કરાઈ

| અમદાવાદ, તા.૩૦ |

ફરી એક વખત બનાવટી ચલણી નોટો પોલીસે પકડી છે. શહેરના દાણીલીમડા વિસ્તારમાં બે પુરુષ અને એક મહિલા નકલી નોટો વટાવવા નીકળ્યા હતા અને પોલીસના હાથે ઝડપાઈ ચૂક્યા છે. પોલીસે તેમની પાસેથી બનાવટી ચલણી નોટો તેમજ વધુ તપાસ કરતા પ્રિન્ટર ઝડપી પાડ્યું છે. અમદાવાદ શહેરમાં છાસવારે બનાવટી ચલણી નોટોની હેરાફેરી અથવા તો નોટો બનાવવાનું કૌભાંડ સામે આવતું રહ્યું છે. ત્યારે વધુ એક વખત ત્રણ લોકોને નકલી ચલણી નોટો સાથે પોલીસે સલિમિયા શેખ, ઈમરાનખાન પઠાણ અને જોહરાબીબી પઠાણની ધરપકડ કરી છે.

### વિશેષ લેખ

### વાદળ ફાટવાની ઘટના આશરે પૃથ્વીની સપાટીથી ૧૫ કિલોમીટર જેટલી ઊંચાઈ પર થતી હોય છે

# ભારત દેશમાં વાદળ ફાટવાની સૌથી વધારે ઘટનાઓ હિમાચલ પ્રદેશમાં થતી હોય છે

## પર્વતમાળાના પહાડો સાથે ટકરાઇને ફાટે છે ત્યારે તે ક્ષેત્રમાં ૭૫ મિમી/કલાકના દરથી વરસાદ થતો હોય છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

ગુજરાતીમાં કહેવત છે કે મારે માથે આભ ફાટ્યું.. માથે ચિંતાના વાદળો છવાયા છે એવા રૂઢિપ્રયોગો જયારે વાસ્તવિકતા ધારણ કરે છે ત્યારે ખરેજ ચિંતાનો વિષય બને છે. ચોમાસામાં ભારે વરસાદ, પૂર તો તબાહી લાવે જછે. પણ જયારે ખરેખર વાદળ ડુંગર સાથે અથડાય ત્યારે રીતસરનું વાદળ ફાટે છે અને જયારે વાદળ ફાટે ત્યારે તેમાં પાણીનો જથ્થો અને ફોર્સ એટલો બધો હોય છે કે જ્યાં વાદળ ફાટે ત્યાં નીચે તબાહીનું તાંડવ જ સર્જાય છે.

આજે આપણે વાદળ કેમ અને કેવી રીતે ફાટે છે તેની વિજ્ઞાનિક માહિતી જાણવાનો પ્રયત્ન કરીએ.

વાદળ ફાટવું, એને મેઘસ્ફોટ, મૂસળધાર વૃષ્ટિ પણ કહેવામાં આવે છે. અંગ્રેજીમાં" કલાઉડ બર્સ્ટ "તરીકે ઓળખાય છે. જે ખરેખર તો વરસાદનું એક વરવુંબિહામણુ રૂપ જ છે. આ ઘટનામાં વરસાદની સાથે ક્યારેક ક્યારેક ગર્જના સાથે કરા પણ પડતા હોય છે. સામાન્યતઃ વાદળ ફાટવાને કારણે માત્ર થોડી મિનિટના સમયમાં જ મૂસળધાર વરસાદ થતો હોય છે, પરંતુ આ વખતે એટલું પાણી વરસે છે કે તે ક્ષેત્રમાં પૂર જેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ જતી હોય છે. વાદળ ફાટવાની ઘટના આશરે પૃથ્વીની સપાટીથી ૧૫ કિલોમીટર જેટલી ઊંચાઈ પર થતી હોય છે, આને કારણે થતી વર્ષા લગભગ ૧૦૦ મિલીમીટર પ્રતિ કલાક જેટલા ભારે દરથી થતી હોય છે. થોડી જ મિનિટ જેટલા સમયમાં ૨ સેન્ટિ મીટરથી પણ અધિક વર્ષા થતી હોય છે, જેને કારણે ભારે તબાહી થતી હોય છે. જ્યારે વાદળો એક જગ્યાએ ભેગા થઈ જાય ત્યારે વાદળ ફાટવાની ઘટના બને છે. વાદળમાં રહેલા પાણીના ટીપા એકબીજા સાથે ભળી જાય છે. પાણીનો ભરાવો થઈ જવાને કારણે વાદળનો ભાર વધી જાય છે અને અચાનક વરસાદ વરસવા લાગે છે. વાદળ ફાટવાથી ૧૦૦ મિમી પ્રતિ કલાકની ઝડપે વરસાદ વરસે છે.

મોસમ વિજ્ઞાનના જણાવ્યા અનુસાર જ્યારે વાદળ ભારે માત્રામાં આદ્રતા એટલે કે પાણી લઈને આસમાનમાં ચાલતાં હોય અને તેના માર્ગમાં કોઈ બાધા આવી જાય છે, ત્યારે વાદળ અચાનક ફાટી પડે છે, એટલે કે સંઘનન ખુબ જ ઝડપથી થતું હોય છે. આ સ્થિતિમાં એક સીમિત વિસ્તારમાં કેટલાય લાખ લીટર પાણી એક સાથે ધરતી પર પડતું હોય છે, જેના કારણે તે ક્ષેત્રમાં તેજ વહેણ ધરાવતું પૂર ધસમસતું આવે છે. આ પાણીના તેજ પ્રવાહના રસ્તામાં આવતી દરેક વસ્તુ ક્ષતિગ્રસ્ત થઈ જતી હોય છે. ભારત દેશના સંદર્ભમાં જોઈએ તો દર વરસે ચોમાસાના સમયે ભેજ લઈને જતાં વાદળો ઉત્તર દિશા તરફ આગળ વધે છે, ત્યારે હિમાલય પર્વતમાળાના પર્વતો એક મોટા અવરોધકના રૂપમાં સામે આવતો હોય છે.

વાદળ ફાટવાનો મતલબ એ નથી થતો કે વાદળના ટુકડા થયા હોય. હવામાન વૈજ્ઞાનિક અનુસાર, જ્યારે એક જગ્યા પર અચાનક એકસાથે ભારે વરસાદ પડે તેને વાદળ ફાટવુ કહે છે. તમે એમ સમજી શકો છો કે પાણીથી ભરેલા ફૂગ્ગાને ફોડવામાં આવે તો બધુ જ પાણી એક જગ્યાએ જ પડવા લાગે છે. તેવી જ રીતે વાદળ ફાટવાથી પાણી અચાનકથી જમીન પર પડવા લાગે છે. વાદળ ફાટવાને ફ્લેશ ફ્લડ અથવા તો ક્લાઉડ બર્સ્ટ પણ કહેવાય છે. અચાનકથી ઝડપથી ફાટીને વરસાદ કરતા વાદળોને પ્રેગ્નેન્ટ ક્લાઉડ પણ કહે છે. વાદળ ફાટવું એક પ્રાકૃતિક ઘટના છે, જ્યારે વાદળ ફાટે છે ત્યારે અચાનક તેજ વરસાદ



શરૂ થઈ જાય છે અને હાલાત પૂરઅને તોફાન જેવા થઈ જાય છે. આ બધું 'પ્રેગ્નેન્ટ ક્લાઉડ'ને કારણે થાય છે. પ્રેગ્નેન્ટ ક્લાઉડનો મતલબ કે પાણીથી ભરેલું વાદળ, જે કોઈ અન્ય વાદળ સાથે કે ટકરાય તો પ્રલયના રૂપ માં વરસે છે. જ્યારે કોઈ ગરમ હવાનો પ્રવાહ આવા વાદળ સાથે અથડાઇ છે ત્યારે પણ તેના ફાટવાની શક્યતાઓ વધી જાય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ૨૬ જુલાઈ, ૨૦૦૫ના દિવસે મુંબઈ શહેરમાં વાદળ ફાટવાની ઘટના થઈ હતી, ત્યારે ત્યાં વાદળ કોઈ પર્વત જેવી ઠોસ વસ્તુ સાથે નહીં પરંતુ ગરમ હવા સાથે ટકરાઈ હતી.

**વાદળ કેવી રીતે બને છે ?**

વૈજ્ઞાનીક ભાષામાં વાદળ એ હવા અને પાણી કે બરફનું કલીલ દ્રાવણ છે. વાદળોનો અભ્યાસ મોસમ વિજ્ઞાન અંતર્ગત કરવામાં આવે છે. જ્યારે હવા ઠંડી પડવાથી કે પછી વધુ પડતા ભેજના કારણે સંતૃપ્ત થઈ જાય છે ત્યારે બાષ્પ હવામાં મૉજુદ કણો ઉપર જામી ફરીથી પ્રવાહી સ્વરૂપ ધારણ કરે છે. અને જો તાપમાન વધુ પડતુ ઠંડુ હોય તો પાણીનું ટીપું બરફ કણમાં ફેરવાય છે. શરૂઆતના કણ કે ટીપાંના કદ અત્યંત સુક્ષ્મ હોય છે. સાનુકુળ પરિસ્થિતીમાં હવામાં મૉજુદ બાષ્પ આવા ટીપાંઓ પર ઠંડી પડી તેનું કદ વધારી શકે છે. તે ઉપરાંત બે ટીપાંઓના એકબીજામાં વિલિનીકરણથી પણ તેમનું કદ વધી શકે છે. જ્યારે ટીપાંઓનું કદ પર્યાપ્ત માત્રામાં વધી જાય છે, ત્યારે આ ટીપાં વરસાદ સ્વરૂપે વરસે છે.

વાતાવરણમાં સંવહન (convection)ની પ્રક્રિયા દરમ્યાન રૂના ઢગ જેવા વાદળ બને છે, જેને અંગ્રેજીમાં ક્યુમ્યુલસ વાદળ કહેવાય છે. આકાશમાં થરની જેમ છવાઈ જતાં વાદળાં સ્ટ્રેસ્સ તરીકે અને બહુ ઉંચે આકાશમાં બનતા તાંતણા જેવા વાદળ સિરસ તરીકે ઓળખાય છે.

મોટાભાગના વાદળો પૃથ્વીના ક્ષોભમંડળમાં નિર્માણ પામે છે. ક્યારેક સમતાપમંડળ કે મેસોસ્ફિયર (mesosphere)માં પણ વાદળાં જોવા મળી જાય છે. પૃથ્વી સિવાય સુર્યમંડળના અન્ય ગ્રહો અને ચંદ્રો પર પણ વાદળ જોવા મળે છે. તેમના વિશિષ્ટ તાપમાન અને વાતાવરણીય વાયુઓના કારણે ત્યાં મિથેન, એમોનિયા અને સલ્ફ્યુરીક એસિડના વાદળ બને છે. ભારત દેશમાં બંગાળની ખાડી અને અરબ સાગર માંથી આવતાં ચોમાસાનાં વાદળો જ્યારે ઉત્તર દિશા તરફ આગળ વધતાં હોય, ત્યારે તેનો હિમાલય પર્વતમાળા ક્ષેત્રમાં ફાટવાનું જોખમ સૌથી અધિક રહેતું હોય છે. જ્યારે આ વાદળ હિમાલય પર્વતમાળાના પહાડો સાથે ટકરાઈને ફાટે છે ત્યારે તે ક્ષેત્રમાં ૭૫ મિમી/કલાકના દરથી વરસાદ થતો હોય છે.

ભારત દેશમાં વાદળ ફાટવાની સૌથી વધારે ઘટનાઓ હિમાચલ પ્રદેશમાં થતી હોય છે. ૨૬ જુલાઈ ૨૦૦૫ના રોજ ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં વાદળ ફાટવાની ઘટના થઈ જેના કારણે આખું શહેર જળમય થઈ ગયું હતું. એવી જ રીતે ૧૮ જુલાઈ ૨૦૦૯ના દિવસે પાકિસ્તાનમાં આવેલા શહેર કરાચી ખાતે વાદળ ફાટવાને કારણે ભારે તબાહી થઈ હતી, જ્યાં માત્ર બે કલાક જેટલા સમયમાં ૨૫૦ મિમી વર્ષા નોંધાઈ હતી.

૬ ઓગસ્ટ, ૨૦૧૦ના રોજ ભારતીય રાજ્ય જમ્મૂ અને કશ્મીરમાં આવેલા લદ્દાખ ક્ષેત્રના મુખ્ય શહેર લેહમાં ઉપરાઉપરી ઢંગથી ફાટેલાં કેટલાંય વાદળોએ લગભગ આખા પુરાણા લેહ શહેરને તબાહ કરી દિધું. આ ઘટનામાં ૧૧૫ લોકોનાં મૃત્યુ થયાં તેમ જ ૩૦૦થી પણ અધિક લોકો ઘાયલ થયા હતા.

ચોમાસામાં વરસાદને કારણે આવી ખતરનાક ઘટનાઓ ઘટતી રહે છે. પૂર, ભૂસ્ખલન અને વાદળો ફાટવાની ઘટનાઓ ઘટતી હોય છે. હાલમાં જ જમ્મુમાં વાદળ ફાટવાનો બનાવ બન્યો હતો . એ પહેલા પણ ઉતરાખંડમાં આવા ઘણા બનાવો બન્યા છે. આ એક એવી ઘટના છે જેનું પૂર્વાનુમાન કોઈ પણ રીતે લાગી શકતું નથી. આ ઘટના વધુ પર્વતીય વિસ્તારમાંવધુ થતી હોય છે.

વાદળ ફાટવું એટ્લે અચાનક એક સાથે ખૂબ જ વરસાદ આવે એવું લાગે. જાણે વરસાદ નથી આવતો પણ આકાશમાંમાં કોઈ ટાંકી ફૂટી ગઈ હોય એવું લાગે છે. આવી વિચિત્ર ઘટનાને વાદળ ફાટવું કહેવામા આવે છે. ટેકનીકલી એ એરિયામાં ૧૦ સેમીથી વધુ વરસાદ એક કલાકની અંદર થાય છે તેને વાદળ ફાટવું કહેવામાં આવે છે. આટલા પ્રમાણમાં પાણી પડવાથી માણસોને વધુ તકલીફ પડતી નથી પણ સંપતિને ઘણું નુકસાન થાય છે. પર્વતીય વિસ્તારોમાં આવું થવાથી ભૂસ્ખલનની ઘટનાઓ વધુ થાય છે. ભારતીય મોસમ વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યંજય મહાપાત્રા સમજાવે છે કે જ્યારે ગરમ ચોમાસાની પવન ઠંડા પવન સાથે અંતરક્રિયા કરી તે ખૂબ મોટા વાદળો બનાવે છે. આ ભૂમિ સ્વરૂપો અને પર્વતીય પરિબળોને કારણે પણ હોઈ શકે છે.

**ન્યૂઝ બ્રિફ**

## મસૂરીમાં પ્રવાસીઓની સંખ્યા નિયંત્રિત કરવા સમિતિની ભલામણ

। મસૂરી, તા.૩૦ ।

ઉત્તરાખંડના જોશીમઠ જેવી હાલત અત્યારે મસૂરીમાં સર્જાઈ છે. તાજેતરમાં મસૂરીમાં જમીનની સ્થિતિના નિરીક્ષણ માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ સર્વે કર્યા પછી તેનો રિપોર્ટ સોંપી દીધો છે. જેમાં તેમણે મસૂરીની ચિંતા વ્યક્ત કરતા રાજ્ય સરકારને જરૂરી પાગલ લેવા ચેતવ્યા છે. આ વર્ષની શરૂઆતમાં એનજીટી દ્વારા મસૂરીની વહન ક્ષમતાનો અભ્યાસ કરવા માટે પેનલની રચના કરવામાં આવી હતી. પેનલે પોતાનો રિપોર્ટ એનજીટીને સુપરત કર્યો છે, જેમાં અનેક પગલાં સૂચવવામાં આવ્યા છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી) એ હિલ સ્ટેશન મસૂરીને બચાવવા માટે ઉત્તરાખંડની ધામી સરકારને ભલામણ કરી છે. એનજીટી દ્વારા રચવામાં આવેલી નિષ્ણાત સમિતિએ મસૂરીની વહન ક્ષમતાનો અભ્યાસ કર્યા બાદ અહીં આવતા પ્રવાસીઓની સંખ્યાને નિયંત્રિત કરવાની ભલામણ કરી છે. જોશીમઠમાં ભૂસ્ખલનને કારણે લોકોના મકાનોમાં તિરાડો પડવાની ઘટનાને ધ્યાનમાં રાખીને એનજીટીએ આ એડવાઈઝરી જારી કરી છે. ફેબ્રુઆરીમાં એનજીટીના આદેશ બાદ મુખ્ય સચિવની અધ્યક્ષતામાં આ સમિતિની રચના કરવામાં આવી હતી, જેણે સર્વે બાદ સરકારને આ વાત કહી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, વિસ્તારની વહન ક્ષમતા, ખાસ કરીને પાર્કિંગ અને ગેસ્ટ હાઉસની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને પ્રવાસીઓની નોંધણી કરાવવી જોઈએ. મસૂરીની મુલાકાત લેવા માટે પ્રવાસીઓ પાસેથી ચાર્જ લેવામાં આવી શકે છે.



શ્રીહરિકોટામાં સતીષ ધવન સ્પેસ સેન્ટર ખાતે સિંગાપોરના ડીએસ-સાર ઉપગ્રહને વહન કરતા ઈસરોના પીએસએલવી-C5ના લોકાર્પણ માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને જોવા માટે ભેગા કર્યા હતાં.

## ભારતમાં વાઘોની સંખ્યા ૨૯૮થી વધીને ૩૧૬૭ થઈ

। નવી દિલ્હી, તા.૩૦ ।

શનિવારે (૨૯ જુલાઈ) વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય વાઘ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેની શરૂઆત ૨૦૧૦માં રશિયાના સેન્ટ પીટર્સબર્ગથી થઈ હતી. જ્યાં ઘણા દેશોએ વાઘને બચાવવા માટે વૈશ્વિક લક્ષ્ય નક્કી કર્યું હતું. ભારતે પણ વાઘને બચાવવામાં મોટો ફાળો આપ્યો છે. આજે વિશ્વમાં સૌથી વધુ વાઘ ભારતમાં જોવા મળે છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે શનિવારે આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ પર કહ્યું કે ભારતમાં ૩૧૦૦થી વધુ વાઘોની સંખ્યા પ્રોજેક્ટ ટાઈગરની સફળતાનું વર્ણન કરે છે. તેમણે ટ્વીટ કરી કહ્યું કે ભારતમાં ૩૧૦૦થી વધુ વાઘોની સાથે, પ્રોજેક્ટ ટાઈગરની સફળતા ખુદ વ્યક્ત કરે છે. આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ પર, આવો આપણે ઈકોસિસ્ટમની રક્ષા કરવાનો સંકલ્પ કરીએ.

પર્યાવરણ મંત્રીના ટ્વીટનો જવાબ આપતા સ્મૃતિ ઈરાની કે જેઓ મહિલા અને બાળ વિકાસ મંત્રી પણ છે તેમણે કહ્યું કે ખરેખર એક મોટી સફળતા છે. ૩૧૦૦ થી વધુ વાઘ સાથેનો ભારતનો પ્રોજેક્ટ ટાઈગર આપણી ભૂમિ પર ઉભરી રહ્યો છે તે આપણા વન્યજીવનના સંવર્ધન અને સંરક્ષણ માટેના અમારા અથાક પ્રયાસોનું એક તેજસ્વી ઉદાહરણ છે. આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ પર, અમે તેમની સુરક્ષા માટે અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરીએ છીએ.

**આગામી સપ્તાહે સંસદમાં દિલ્હી વટહુકમ રજૂ કરાશે**

## રાજ્યસભામાં વટહુકમના વિરોધ માટે વિપક્ષની ૧૦૦ ટકા હાજરીનો પ્રયાસ

### મનમોહન સિંહથી લઈને ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેન સુધીના વરિષ્ઠ નેતાઓ સંસદમાં જોવા મળી શકે

। નવી દિલ્હી, તા.૩૦ ।

દિલ્હી વટહુકમ આવતા અઠવાડિયે સંસદમાં રજૂ કરવામાં આવી શકે છે. આ સાથે જ નવા વિપક્ષી મહાગઠબંધન ઈન્ડિયાએ રાજ્યસભામાં તાકાત ભેગી કરવાનું શરૂ કરી દીધું છે. અહેવાલો અનુસાર, પક્ષો તેમના સાંસદોની ૧૦૦ ટકા હાજરી સુનિશ્ચિત કરવામાં વ્યસ્ત છે. કહેવામાં આવી રહ્યું છે કે, પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહથી લઈને ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેન સુધીના ઘણા વરિષ્ઠ નેતાઓ પણ સંસદમાં જોવા મળી શકે છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારને દિલ્હીમાં બદલીઓ અને નિમણૂકો સંબંધિત બાબતોમાં નિર્ણય લેવાની સત્તા આપી હતી. હવે આ બિલ સુપ્રીમ કોર્ટના આ આદેશને રદ કરવા માટે દિલ્હીમાં સેવાઓના નિયંત્રણ અંગે કેન્દ્ર દ્વારા બહાર પાડવામાં આવેલા વટહુકમને બદલવા માટે લાવવામાં આવી રહ્યું છે. વિપક્ષના સુત્રો અનુસાર, રાજ્યસભામાં આ બિલની રજૂઆત દરમિયાન પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ વ્હીલચેર પર ગૃહમાં આવે તેવી શક્યતા છે.

**ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા જાહેરાત કરાઈ**

## ભાજપે નવા ૧૩ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ-૮ મહામંત્રીના નામ જાહેર કર્યા

### ૧૩ રાષ્ટ્રીય સાચીવોની પણ નવી નિમણૂક કરાઈછે, આ નવી યાદીમાં ગુજરાતમાંથી કોઈને સ્થાન અપાયું નથી

। નવી દિલ્હી, તા.૩૦ ।

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ આગામી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા રાષ્ટ્રીય પદાધિકારીઓના નામ જાહેર કર્યા છે. જેમા ૧૩ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને આઠ રાષ્ટ્રીય મહામંત્રીની જાહેરાત કરવામાં આવી છે આ સાથે જ ૧૩ રાષ્ટ્રીય સાચીવોની પણ નવી નિમણૂક કરવામાં આવી છે.



આ નવી યાદીમાં ગુજરાતમાંથી કોઈને સ્થાન આપવામાં આવ્યું નથી. ભારતીય જનતા પાર્ટીએ નવા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને મહામંત્રીઓના નામની જાહેરાત કરી છે. રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે, છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ડો. રમણ સિંહ, ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી રઘુબર દાસ અને સૌદાન સિંહને પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સિવાય કૈલાશ વિજયવર્ગીય, અરુણ સિંહ અને તરુણ ચુગને મહામંત્રી બનાવવામાં આવ્યા છે. સંજીવ બંદી અને સુનીલ બંસલને રાષ્ટ્રીય મહામંત્રી બનાવવામાં આવ્યા છે. સંજીવ બંદીને કેન્દ્રીય ટીમમાં સામેલ કરીને પાર્ટીએ તેલંગાણાને એક સંદેશ આપ્યો છે. કૈલાશવિજયવર્ગીય, તરુણ ચુગ, વિનોદ તાવડે, અરુણ સિંહને ફરી તક મળી છે અને ફરીથી મહાસચિવ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત એકે એન્ટોનીના પુત્ર અરુણ એન્ટનીને રાષ્ટ્રીય સચિવ બનાવવામાં આવ્યા છે. એન્ટની થોડા સમય પહેલા જ પાર્ટીમાં જોડાયા હતા. કેન્દ્રીય ટીમમાં ગોરખપુરના પૂર્વ ધારાસભ્ય રાધા મોહન અગ્રવાલને એન્ટ્રી આપીને યુપીની રાજનીતિમાં મોટો સંદેશો આપ્યો છે. વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેમને ટિકિટ આપવામાં આવી ન હતી, પરંતુ હવે તેમને રાષ્ટ્રીય ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. આંધ્રપ્રદેશના પ્રભારી સુનીલ દેવધરને રાષ્ટ્રીય ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે. આ સિવાય સીટી રવિ અને દિલીપ સૈકિયાને પણ જનરલ સેક્રેટરી પદેથી હટાવી દેવામાં આવ્યા છે.

**ગ્રેટર નોઈડામાં ત્રિપલ અકસ્માતની ઘટના**

## ઊભેલા ડમ્પરમાં ટ્રેક્ટર ઘૂસ્યું, પાછળથી ટ્રક ટકરાતાં એકનું મોત

### ટ્રેક્ટરમાં સવાર અન્ય એક ગંભીર રીતે ઘાયલ થયો

। ગ્રેટર નોઈડા, તા.૩૦ ।

ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં આજે ત્રિપલ અકસ્માતની ઘટના બની છે, જેમાં ડમ્પર, ટ્રેક્ટર, ટ્રક વચ્ચે અકસ્માત થયો છે. મળતા અહેવાલો મુજબ હાઈવે પર એક ડમ્પર ઉભુ હતું, જેની પાછળ ટ્રેક્ટર ઘુસી ગયા બાદ પાછળથી આવતી ટ્રક ટ્રેક્ટર પાછળ અથડાઈ છે. આ ઘટનામાં ટ્રેક્ટર પર સવાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતમાં એકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે, તો અન્ય એક વ્યક્તિની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. દાદરી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના એનએચ-૯૧ પર કોટ ગામ પાસે લગભગ આજે વહેલી સવારે ૪.૨૦ વાગ્યે હાઈવે પર બગડેલું ડમ્પર ઉભુ હતું, જેની પાછળ ટ્રેક્ટર ટ્રોલી અથડાઈ હતી, ત્યારબાદ પાછળથી આવી રહેલ એક ટ્રક પણ ટ્રેક્ટર ટ્રોલીમાં ઘૂસી ગઈ... આ ઘટનામાં ટ્રેક્ટર સવાર ૨ લોકો ગંભીર ઈજાગ્રસ્ત થયા, જેને તુરંત નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા... જેમાંથી એકનું મોત થયું છે, જ્યારે બીજાની સારવાર ચાલી રહી છે. આ અકસ્માતમાં દરોગ સિંહ (૩૫) અને ઓમ પ્રકાશ (૬૦) ઈજાગ્રસ્ત થયા હતા... બંનેને બુલંદશહેરના અહમદગઢના રહેવાસી છે. હોસ્પિટલમાં ઓમ પ્રકાશને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

**મણિપુર હિંસાને લઈને રાજકારણ ગરમાયું**

## ઈન્ડિયાના સાંસદોના મણિપુરમાં સ્થિતિનો તાગ મેળવવા ધામા

### સાંસદોની ટીમ પહાડી વિસ્તારોમાં પહોંચશે અને ત્યાં હિંસા પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈને સ્થિતિનો તાગ મેળવશે

। નવી દિલ્હી, તા.૩૦ ।

મણિપુરમાં હિંસાને લઈને વિપક્ષ સરકાર પર સતત પ્રહારો કરી રહ્યું છે. રાજ્યમાં હિંસાને કારણે અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે. અનેક મકાનો અને દુકાનો બળીને રાખ થઈ ગઈ છે. હજારો લોકોએ રાજ્ય છોડીને પડોશી રાજ્યમાં આશ્રય લીધો છે. આ વચ્ચે વિપક્ષી ગઠબંધન આઈ. એન.ડી.આઈ.એ.ના ઘણા સાંસદો આજે મણિપુર પહોંચી રહ્યા છે. વિપક્ષના આ સાંસદો રાજ્યમાં બે દિવસ રોકાશે અને હિંસા પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લેશે અને ત્યાંની સ્થિતિનો તાગ મેળવશે. વિપક્ષી સાંસદોનું પ્રતિનિધિમંડળ સવારે ૯ વાગ્યે દિલ્હીથી ફ્લાઈટ દ્વારા મણિપુર માટે રવાના થશે. મણિપુર પહોંચ્યા બાદ સાંસદોની આ ટીમ પહેલા પહાડી વિસ્તારોમાં પહોંચશે અને ત્યાં હિંસા પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવશે. ત્યારબાદ તે ઘાટીમાં પહોંચશે અને ત્યાં બનેલા રાહત શિબિરોની મુલાકાત લેશે અને લોકોની સ્થિતિ જાણવાનો પ્રયાસ કરશે. સંસદમાં હાલ ચોમાસું સત્ર ચાલી રહ્યું છે ગઈકાલે સત્રનો સાતમો દિવસ હતો જો કે બંને ગૃહોમાં મણિપુર હિંસા મુદ્દે વિરોધ પક્ષોના હોબાળા અને નારાબાજી વચ્ચે બંને ગૃહોની કાર્યવાહી ૩૧ જુલાઈ એટલે કે સોમવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. મણિપુરમાં વિરોધ પક્ષોના નેતાઓની બે દિવસીય મુલાકાત હશે જે રવિવાર સુધી ચાલુ રહેશે. વિપક્ષના પ્રતિનિધિમંડળમાં કોંગ્રેસના અધીર રંજન ચૌધરી, ગૌરવ ગોગોઈ અને ફૂલદેવી નેતામ, જેડીયુના રાજીવ રંજન ઉર્ફે લાલન સિંહ અને અનિલ હેગડે, તૃણમૂલ કોંગ્રેસના સુષ્મિતા દેવ, ઝારખંડ મુક્તિ મોરચાના મહુઆ માજી, ડીએમકેના કનિમોઝી, પીપી એનસી પીના મોહમ્મદ ફૈઝલ સામેલ હતા. આરએલડીના જયંત ચૌધરી, આરજેડીના મનોજ કુમાર ઝા, રિવોલ્યુશનરી સોશ્યલિસ્ટ પાર્ટીના પ્રેમચંદ્રન અને વીસીકે પાર્ટીના ટી થિરુમાવલવન. આ સાથે શિવસેના યુબીટી, સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટીના પ્રતિનિધિઓ પણ આ મુલાકાત પર જશે. ભાજપના નેતા રવિશંકર પ્રસાદે કહ્યું કે તેમને વિપક્ષી નેતાઓની મણિપુર મુલાકાત સામે કોઈ વાંધો નથી. પરંતુ તેઓએ ત્યાંની સ્થિતિ બગાડવી ન જોઈએ.

**વિશેષ**

**વિશ્વનું સૌથી મોટું નેશનલ મેરિટાઇમ હેરિટેજ મ્યુઝિયમ લોથલમાં બનશે**

# આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમોની સમકક્ષ બનાવવામાં આવી રહેલું આ હેરિટેજ કોમ્પલેક્ષ પ્રદર્શિત કરશે લોથલનો ૫ હજાર વર્ષ કરતાં વધારે જૂનો ઈતિહાસ

**મ્યુઝિમયમાં વિશ્વનું સૌથી ઊંચું 'લાઇટ હાઉસ' મ્યુઝિયમ, વિશ્વની સૌથી મોટી 'ઓપન એક્વેટીક ગેલેરી' ભારતનું સૌથીં ભવ્ય 'નેવલ મ્યુઝિયમ' અહીંનુ વિશેષ આકર્ષણ બનશે...**

પુરાતત્વીય ખોદકામથી ઐતિહાસિક પ્રાસંગિકતાના અનેક સ્થળો મળી આવ્યા છે. ભારતના ગૌરવ સમાન આ કેન્દ્રોમાં ધોળાવીરા અને લોથલનો પણ સમાવેશ થાય છે. પ્રાચીન સમયમાં લોથલ, ભારતની સમુદ્રી ક્ષમતાનું સમૃદ્ધ કેન્દ્ર હતું. લોથલમાંથી ખોદકામ દરમિયાન મળેલા શહેરો, બંદરો અને બજારોના અવશેષોના શહેરી આયોજનમાંથી આજે ઘણું શીખી શકાય તેમ છે. આવા 'લોથલ' ખાતે 'નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ' (NMHC) આકાર પામી રહ્યું છે. રૂપિયા ૪,૫૦૦ હજાર કરોડના ખર્ચે નિર્માણ પામનારા આ કોમ્પલેક્ષમાં બનનારુ મ્યુઝિયમ' માનવ સભ્યતાની પાપા પગલીનું સાક્ષી બનશે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ માર્ગદર્શન હેઠળ, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષ (NMHC)નું ગુજરાતના અમદાવાદ જિલ્લાના લોથલ ખાતે નિર્માણ કરવામાં આવી રહ્યું છે. લોથલ ખાતેનું ડોક્યાર્ડ વિશ્વનું સૌપ્રથમ માનવસર્જિત ડોકયાર્ડ છે જેને આજથી આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં બનાવવામાં આવ્યું હતું. ભારત દેશના મેરીટાઈમ ઈતિહાસ અને ટેકનોક્રાફ્ટના મિશ્રણ સાથે તૈયાર થનારુ આ હેરિટેજ કોમ્પ્લેક્ષ લોકો માટે એક દર્શનીય સ્થળ ઉપરાંત અભ્યાસ માટેનો અનુભવ બનશે. નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષ એક નવા આંતરરાષ્ટ્રીય પ્રવાસન



સ્થળ તરીકે વિકસાવવામાં આવશે અને તેને વિશ્વના અન્ય આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમોની સમકક્ષ બનાવી તેની સારસંભાળ લેવામાં આવશે. આ પ્રોજેક્ટ સમગ્ર ભાલ પ્રદેશની અર્થવ્યવસ્થા વિકસાવવામાં પણ મદદરૂપ સાબિત થશે. જેના પરિણામ સ્વરૂપે હજારો લોકો માટે રોજગારીની અનેક તકો અહીં સર્જાશે, તેમ જ સંખ્યાબંધ કુટીર ઉદ્યોગોના વિકાસની પણ અનેક રાહ ખુલશે એ પણ એટલું જ નિશ્ચિત છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ લાલ કિલ્લા પરથી કરેલા સંબોધનમાં 'પંચ પ્રણ' વિશે વાત કરી હતી અને તેમાં વડાપ્રધાન શ્રીએ 'આપણા વારસા માટે ગૌરવ'ની વાતને રેખાંકિત કરી હતી અને જણાવ્યું હતું કે આપણો સમુદ્રી વારસો આપણા પૂર્વજો દ્વારા આપણને સોંપવામાં આવેલો આવો જ એક વારસો છે. "આપણા ઈતિહાસની એવી ઘણી ગાથાઓ છે, જે વિસરાઈ ગઈ છે અને તેને આગામી પેઢી સુધી પહોંચાડવા માટે તેને સાચવવાના માર્ગો શોધી શકાયા નથી. ભારતનો સમુદ્રી વારસો પણ આવો જ એક વિષય છે જેના વિશે અત્યાર થવી સુધી જોઈએ એટલી ચર્ચા કરવામાં આવી નથી. તેને પગલે કેન્દ્ર સરકારના શીપીંગ વિભાગ દ્વારા ભવ્ય મ્યુઝિયમનું નિર્માણકાર્ય ચાલુ છે.

નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષ અમદાવાદથી ૭૫ કિલોમીટર દૂર આવેલા લોથલમાં આકાર પામી રહ્યું છે. જ્યાં રોડ-માર્ગ મારફતે આરામથી પહોંચી શકાય છે. અમદાવાદનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ લોથલથી સૌથી નજીક આવેલું એરપોર્ટ છે. કુલ ૪૦૦ એકરના વિસ્તારમાં આ પ્રોજેક્ટનું નિર્માણ થશે. આ પ્રોજેક્ટનું નિર્માણ ૩ ભાગમાં કરવામાં આવશે. પ્રોજેક્ટના પહેલા ભાગનું કાર્ય હાલ ચાલુ છે. આ પ્રોજેક્ટમાં દુનિયાનું સૌથી વિશાળ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષ બનશે. દુનિયાના સૌથી ઊંચું લાઈટ હાઉસ મ્યુઝિયમનું નિર્માણ આ કોમ્પ્લેક્ષમાં કરવામાં આવશે. દુનિયાની સૌથી મોટી ઓપન એક્વેટીક ગેલેરી પણ આ જ કોમ્પ્લેક્ષમાં બનાવવામાં આવશે. ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને પ્રદર્શિત કરવા માટે વિશ્વકક્ષાના આ નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ લેક્ષને તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ મ્યુઝિયમનાં મુલાકાતીઓને એક વિશ્વકક્ષાના મ્યુઝિયમની મુલાકાતનો અનુભવ મળશે. તે મેરીટાઈમ સ્થાનોને તથા તેના ભવ્ય ઈતિહાસને રજુ કરતાં સ્થળનો અનુભવ કરાવશે. આ નેશનલ મેરીટાઈમ હેરિટેજ મ્યુઝિયમના માસ્ટર પ્લાનની ડિઝાઈન મુલાકાતીઓને એક ભવ્ય મેરીટાઈમ ઈતિહાસમાંથી પસાર કરાવશે જેમાં શિક્ષણ, મનોરંજન અને આરામદાયક સમયની અનુભૂતિ હશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રાચીન સમયમાં લોથલ માત્ર સિંધુ ખીણની સંસ્કૃતિનું મુખ્ય વેપાર કેન્દ્ર જ ન હતું, પરંતુ તે ભારતની સમુદ્રી શક્તિ અને સમૃદ્ધિનું પ્રતિક પણ હતું. એક સમય એવો હતો જ્યારે લોથલ બંદર ૮૪ દેશોના ધ્વજથી ચિહ્નિત હતું અને વલભી ૮૦ દેશોના વિદ્યાર્થીઓનું ઘર હતું.

લોથલ ખાતેનું નેશનલ મેરીટાઈમ હેરિટેજ મ્યુઝિયમ ભારતના વૈવિધ્યસભર સમુદ્રી ઈતિહાસને શીખવા અને સમજવા માટે કેન્દ્ર તરીકે કાર્ય કરશે. લોથલમાં હેરિટેજ મ્યુઝિયમનું નિર્માણ એ રીતે કરવામાં આવી રહ્યું છે કે ભારતનો સામાન્ય માણસ તેનો ઈતિહાસ સરળતાથી સમજી શકે. જેમાં અત્યંત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને એ જ યુગને ફરી સજીવન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. લોથલ, હડપ્પન સંસ્કૃતિ સમયના અગ્રણી શહેરોમાંનું એક હતું અને સૌથી જૂના માનવસર્જિત ડોકયાર્ડની શોધ માટે તે જાણીતું છે. લોથલમાં નેશનલ મેરીટાઈમ હેરિટેજ મ્યુઝિયમનું નિર્માણ એ શહેરના ઐતિહાસિક વારસા અને ધરોહરની સ્મૃતિના જતન માટે એકદમ યોગ્ય છે.

## તંત્રી લેખ...

# કુપોષણનુ દુષણ જારી

ભારતમાં સ્વતંત્રતાના આટલા વર્ષ બાદ પણ કુપોષણનુ દુષણ રહ્યુ છે જે ચિંતાની બાબત છે. દેશમાં તમામ સરકારો આ દુષણને રોકવા માટે વિવિધ પગલા લેતી રહી છે પરંતુ આ દુષણ હજુ જારી રહ્યુ છે. એકબાજુ ભારત દુનિયાના બીજા સૌથી મોટા ખાદ્યાન્ન ઉત્પાદક દેશ તરીકે છે તો બીજી બાજુ કુપોષણના આંકડા વિચારણા કરવા માટે મજબુર કરે છે. વિકાસના તમામ મોટા મોટા દાવા છતાં ભારત હજુ પણ ભુખમરા અને ગરીબી જેવી મુળભુત સમસ્યામાં ગ્રસ્ત છે. આ બંને સમસ્યાને દુર કરવાના પ્રયાસ યુદ્ધના સ્તરે કરવામાં આવી રહ્યા હોવા છતાં પરિણામ ૧૦૦ ટકા મળી રહ્યા નથી. સમય સમય પર થનાર અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે તમામ પ્રકારની સારી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હોવા છતાં દેશમાં ભુખમરા અને ગરીબી પર લગામ લગાવી દેવામાં સફળતા મળી નથી. વર્તમાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા વ્યાપક સ્તર પર ખાદ્ય સુરક્ષા અને ગરીબી વિરોધી કાર્યક્રમ ચલાવી દેવામાં આવ્યા છે. તેમ છતાં પુરતા પ્રમાણમાં પરિણામ મળી રહ્યા નથી. તમામ પ્રકારની યોજનાનો લાભ લેનાર લોકો અને નહીં લેનાર લોકોની સંખ્યામાં ખુબ અંતર છે. જે સાબિત કરે છે કે પ્રાથમિકતાના સ્તર પર કમી જોવા મળે છે. દેશમાં એક તૃતિયાંશ કરતા વધારે બાળકો આજે પણ કુપોષણના શિકાર થયેલા છે. અમે ખુશ થઈ શકીએ છીએ કે છેલ્લા એક દશકના ગાળામાં કુપોષણમાં ઘટાડો થયો છે. પરંતુ સંપૂર્ણ ચિત્ર પર નજર કરવામાં આવે તો હજુ નિરાશા હાથ લાગે છે. ખુશી સ્થાયી થઈ શકે તેમ નથી. સામાન્ય રીતે અમારે ત્યાં સામાન્ય કુપોષણગંભીર રીતે કુપોષણ એક મહામારી તરીકે દેખાય છે. કુપોષણ ભારતમાં એક મહામારીની જેમ મોટી સંખ્યામાં બાળકોને તેના સકંજામાં આવી લે છે. આ સમસ્યાને હાથ ધરવા માટે જે પગલા લેવામાં આવી રહ્યા છે તે પગલા પુરતા અસરકારક સાબિત થઉ રહ્યા નથી. ભુખમરાની સામે લડાઈમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, વૈશ્વિક સંગઠનો અને સ્થાનિક તંત્ર પોત પોતાની રીતે કામ કરે તે જરૂરી છે. તમામ સંબંધિતો પોત પોતાના કાર્યક્રમોને વધારે સારા સ્વરૂપમાં રજૂ કરવામાં આવે તે જરૂરી છે. કેટલાક રિપોર્ટ તો સાફ શબ્દોમાં ઈશારો કરે છે કે પુરતા પ્રમાણમાં પોષણની ખાતરી કરવામાં દેશ નિષ્ફળ છે. અલબત્ત કુપોષણના સ્તરને ઘટાડી દેવા માટેના પ્રયાસમાં કેટલાક સ્તરમાં ઘટાડો થયો છે. ગંભીર રીતે કુપોષણનો શિકાર રહેલા બાળકોની ટકાવારી વર્ષ ૨૦૦૫-૦૬માં ૪૮ ટકા હતી તે હવે ઘટીને ૨૦૧૫-૧૬માં ૩૮.૪ ટકા જેટલી થઈ હતી. ભારતમાં પાંચ વર્ષથી નીચેની વયના બાળકોમાં કુપોષણનુ પ્રમાણ ૩૫.૭ ટકાની આસપાસ છે.

# પ્રતિકૂળતા અને વિપત્તિઓનો ભય પણ પ્રગતિનો તેટલો જ મોટો આધાર છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





લોકશાહીમાં લોકોનું વર્ચસ્વ રહે છે જો શાસક પક્ષ જેટલો જ વિરોધ પક્ષ મજબુત હોય એ જ રીતે વ્યક્તિનો વિકાસ ઘણીવાર તેનો વિરોધ કરનારને કારણે સારો થયો હોય તેવા અનેક દાખલાઓ જોવા જાણવા મળે છે. આજે રવિવાર છે એ સનાતન સત્ય છે તેટલું જ ગઈકાલે શનિવાર હતો તેવું તમે બેધડક રીતે કહી શકો પરંતુ આજે બારસ છે તો ગઈકાલે અગિયારસ એવું કહી ના શકાય કારણકે અગિયારસનો ક્ષય પણ હોય. દેખાતી બૂરાઈ પાછળ પણ ઘણી વાર ભલાઈનાં તત્ત્વો છુપાયેલાં હોય છે. એ તો સ્પષ્ટ છે કે દરેક બીમારી કષ્ટદાયક હોય છે,પરંતુ એ પણ સ્પષ્ટ છે કે તેની પાછળ પ્રકૃતિની પરિશોધનની અનુકંપાનો હાથ હોય છે. દેહમાં ઘૂસી ગયેલાં વિજાતીય દ્રવ્યો દ્વારા જીવન શક્તિ સાથે થતા સંઘર્ષનું નામ જ બીમારી છે. આ એક પ્રકારની પ્રાકૃતિક ચિકિત્સા છે. જો પ્રકૃતિને પોતાનું કામ કરવા દેવામાં આવે અને તેના પ્રયાસ સાથે ઉચિત અનુકૂળતા કરી આપવામાં આવે તો તેટલા માત્રથી ફક્ત રોગ દૂર ન થાય,પરંતુ ભવિષ્ય માં મલીનતાથી ઉત્પન્ન થનારાં સંકટોથી પણ છુટકારો મેળવી શકાય છે. તેવી જ રીતે વિલંબ પછી મળતા કર્મ ફળની વાતને પ્રાણીઓમાં સજાગતા, પ્રખરતા અને દીર્ઘદષ્ટિ રાખવાનો મોટો આધાર માની શકાય છે. જો આટલો વ્યતિક્રમ ન હોત તો દરેક પ્રાણીને વિકાસપથ પર ચાલવાનો અવસર જ ન મળત. પરાક્રમ કરવાની જરૂર જ ન હોત. સજ્જતાની કોઈ આવશ્યક્તા જ ન રહેત,ચિંતન બહુ જ સંકુચિત બની જાત. બૌદ્ધિક શક્તિનો વિકાસ ઉચિત-અનુચિતનાં લાભ-હાનિનો વિચાર કરવાથી જ થાય છે, જે સંસારમાં બધું જ વ્યવસ્થિત ચાલતું હોત, વ્યતિક્રમ ન હોત,તો પછી બુદ્ધિ બળનો વિકાસ કરવાની જરૂર જ ન પડત. ફળસ્વરૂપે પ્રાણીઓ અવિકસિત અવસ્થામાં જ પડ્યાં રહેત. દુષ્કર્મના ખરાબ પરિણામ નો ભય અને સત્કર્મના સારા પરિણામનો લોભ જ એવો છે જે પ્રાણીને પ્રગતિના માર્ગે આગળ કરી વિકાસની વર્તમાન સીમા સુધી ખેંચી લાવ્યો છે. પ્રતિકૂળતા અને વિપત્તિઓનો ભય પણ પ્રગતિનો તેટલો જ મોટો આધાર છે જેટલો કે સર્જન પ્રયોજનમાં સંલગ્ન રહેવાથી મળતા લાભનું પ્રલોભન છે. દિવસનું મહત્ત્વ રાત્રિના અસ્તિત્વ ને આભારી છે. રાત ન હોત તો દિવસનો આનંદ અને લાભ લેવાનું શક્ય જ ન હોત. અવાંછનીયતા અનેક કષ્ટ આપે છે અને અવ્યવસ્થા ફેલાવે છે,પણ સાથે સાથે તેનાથી એક લાભ પણ થાય છે,તેનાથી તુલનાત્મક અધ્યયન કરવાનો અને ગુણદોષ સમજવાનો અવસર પ્રાપ્ત થાય છે જો કર્મફળમાં અપવાદ ન હોત. પરાક્રમ સુનિશ્ચિત વિધિ પ્રમાણે ચાલતું હોત તો પછી અનુચિતતા માટે ક્યાંય જગ્યા જ ન હોત અને વિગ્રહનું કોઈ ચિહ્ન ક્યાંય દેખાત જ નહીં. ફળસ્વરૂપ સતર્કતા અને પ્રખરતાનો વિકાસ કરવાની જરૂર જ ન રહેત. જાગરુકતા અને સાહસિકતાને, દૂરદર્શિતા અને બુદ્ધિમત્તાને આશ્રય આપનાર એક મોટો આધાર નષ્ટ થઈ જાત. આવી પરિસ્થિતિમાં સરળતા અને વ્યવસ્થા તો ટકી રહે, પરંતુ પ્રબળ પુરુષાર્થ માટે કોઈ જરૂર ન પડત કે તેની ઈચ્છા પણ ન રહેત. આવી પરિસ્થિતિમાં પ્રગતિ અવશ્ય ખોરવાઈ જાત અને મનુષ્ય આજે જે સ્તરે પહોંચ્યો છે ત્યાં સુધી સૌભાગ્ય પ્રાપ્ત ન થયું હોત. આમાં તેની સુખની ઈચ્છા જ નહીં, પરંતુ તે અવરોધોને હટાવવાની અભિલાષા પણ છે, જે અનૌચિત્ય અપનાવવાના કારણે જ સંકટ બની સામે આવે છે.તુલના કરવાથી જ સારાખોટા નો પરિચય થાય છે. તુલનાથી પ્રેરણા મળે છે. સત્કર્મની ગરિમા જાણવા માટે દુષ્કર્મ દ્વારા ઉત્પન્ન થતી દુર્ગતિને પણ જાણવી જોઈએ. સંસારમાં ફેલાયેલી ગંદી પ્રવૃત્તિઓનો આ એક લાભ પણ છે. જો કે આમ તો તેનાથી થતી હાનિ પણ અસંખ્ય છે.

વાચક ચાહક મિત્રો અધિક શ્રાવણ માસમાં આપણે ચિંતનાત્મક વાત થકી અવનવું ચિંતન કરી રહ્યા છીએ. ભગવાન વિષ્ણુ સદા શિવ ભોળાનાથની ઉપાસના આરાધનાનું શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા પાઠવું છું.

## શહેનશાહ-એ તરન્નુમ-મોહમ્મદ રફી

શહેનશાહ એ તરન્નુમ ના નામથી લોકપ્રિય મોહમ્મદ રફીની ઓળખ આપવાની કોઈને જરૂર નથી. રફી અમારી વચ્ચે નથી પરંતુ કરોડો ચાહકો આજે પણ તેમના ગીતો કોઈને કોઈ રીતે દરરોજ સાંભળતા હોય છે. ગાયકો આજે પણ તેમના પગ પર તેમનાથી પ્રેરણા લઈને આગળ વધવા માટે ઉત્સુક છે. ૨૪મી જુલાઈ ૧૯૨૪ના દિવસે તેમનો જન્મ થયો હતો. રફીએ પોતાના ગામના એક ફકીરની નકલ કરીને ગીત ગાવવાની શરુઆત કરી હતી. કિશોર કુમાર, મન્ના ડે, મુકેશ સહિત અનેક મહાન ગાયકો હિન્દી સિનેમામાં આવ્યા છે. પરંતુ તમામ ગાયકો નિખાલસ પણે કબુલાત કરતા હતા કે રફી જેટલા મિજાજના ગીતો ગાઈ શકે છે તેટલા મિજાજથી કોઈ ગીત ગાઈ શકે નહીં. ૩૧મી જુલાઈના દિવસે તેમનુ નિધન થયુ હતુ. રફી આજે અમારી વચ્ચે નથી પરંતુ તેમના હજારો ગીતો મારફતે તેઓ આજે કરોડો ચાહકોની વચ્ચે છે. માત્ર ૧૩ વર્ષની વયમાં રફીએ પ્રથમ ગીત ગાયુ હતુ. પોતાની કેરિયરમાં ૨૬ હજાર કરતા વધારે ગીતો ગાયા હતા. રફીને પ્રથમ વખત કેએલ સહગલે લાહોરમાં એક કોન્સર્ટમાં ગીત ગાવવાની મંજુરી આપવામાં આવી હતી. વર્ષ ૧૯૪૮માં રાજેન્દ્ર કૃષ્ણન દ્વારા લખવામાં આવેલા ગીત સુનો સુનો એ દુનિયાવાળો બાપુજી કી અમર કહાની ગીત ગાતા તત્કાલીન વડાપ્રધાન જવાહર લાલ નહેરુ ખુબ પ્રભાવિત થયાહતા. બાબુલ કી દુઆએ લેતી જા ગીત ગાતી વેળા રફી રડી પડ્યા હતા. ખુબ ઓછા લોકો જાણે છે કે કિશોર કુમાર પોતે મહાન ગાયક છે પરંતુ રફીએ તેમના માટે પણ ગીત ગાયા હતા. ફિલ્મી પરદા પર તેમના માટે પણ રફીના અવાજને શ્રેષ્ઠ ગણવામાં આવ્યો હતો. કિશોર કુમાર માટે રફીએ ૧૧ ગીત ગાયા હતા. તેમના નિધન બાદ અંતિમ વિદાઈમાં વરસાદ હોવા છતાં ૧૦ હજાર લોકો પહોંચ્યા હતા. હિન્દી ફિલ્મ સંગીતમાં મહાન ગાયક મોહમ્મદ રફીની પુણ્યતિથીએ આજે તેમને ફરી યાદ કરવામાં આવ્યા હતા. તેમના ફિલ્મ જગતમાં યોગદાન અને મહત્વ અંગે માહિતી આપવાની કોઈ જરૂર નથી. સંગીત જગતમાં રફીનું નામ ખુબ ગર્વ સાથે લેવામાં આવે છે. ચોક્કસપણે રફી આજે અમારી વચ્ચે નથી પરંતુ તેમનો અમર અવાજ તેમની હમેંશા યાદ અપાવતી રહેશે. રફીનો અવાજ માત્ર અવાજ ન હતો બલ્કે એક જાદુ હતો. જે ચાહકોના દિલોદિમાગ પર આજે પણ છવાયેલો છે. ભારતમાં મોટી સંખ્યામાં ગાયકો તેમના અવાજની નકલ કરીને લોકપ્રિય થયા છે. આજે પણ મોટી સંખ્યામાં ગાયક તેમના જેવો અવાજ કાઢવાના પ્રયાસ કરી રહ્યા છે. આ વાત પણ કહેવાની જરૂર નથી કે રફીએ તમામ મુડના ગીત ખુબ કુશળ રીતે ગાવ્યા છે. તેમના દરેક ગીતનો એક અલગ અંદાજ છે. તેઓ દરેક ગીત માટે ખુબ મહેનત કરતા હતા. રફી જ્યારે પણ કોઈ ગીત ગાતા ત્યારે તે માત્રમાં પોતાને ઉમેરી લેતા હતા. દેખો જમાને કી યારી, બિછડે સભી બારી બારી, તેલમાલિશ અથવા તો યે હે બોમ્બે મેરી જાન જેવા દાખલાસમાન ગીતોમાં જુદો અંદાજ તરી આવે છે. એકબાજુ રફીએ શમ્મી કપૂર માટે જોશીલા અંદાજમાં ગીતો ગાઈને ચાહકોને રોમાંચિત કરી દીધા હતાં બીજીબાજુ શમ્મી કપૂર માટે અહેસાન તેરા હોગા મુઝ પર જેવા દર્દભર્યા ગીતો ગાયા હતાં. રફીએ શમ્મી કપૂર, દિલીપ કુમાર, રાજેન્દ્ર કુમાર, દેવ આનંદ, રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચન જેવાં દિગ્ગજ કલાકારો માટે પોતાનાં અવાજમાં ગીતો ગાયા છે. રફીની વિશેષતા એ હતી કે તેઓ જે અભિનેતા માટે ગીત ગાતા હતાં તે અભિનેતાનો અવાજ પકડી લેતા હતાં અને તેનો જેવો જ અવાજ તેમનાં ગીતમાં નજરે પડતો હતો. આ બાબત અમિતાભ ઉપર પણ લાગૂ પડે છે. રફીની વિનમ્રતાથી તમામ લોકો વાકેફ છે તે પોતાનાં અન્ય સાથીઓને સન્માન આપતા હતા. મોહમ્મદ રફી માટે આ આ બાબત કહેવી મુશ્કેલ છે કે તેઓ એક ઈન્સાન તરીકે મોટા હતા કે પછી એક કલાકાર તરીકે મોટા હતા. માત્ર ૧૩ વર્ષની વયમાં તેઓએ પોતાના ગાયક તરીકેના સફરની શરૂઆત કરી હતી. મોહમ્મદ રફીએ તમામ લોકોને પ્રભાવિત કર્યા હતા. મોહમ્મદ રફીનો જન્મ અમૃતસર ની નજીક કોટલા સુલ્તાનમાં ૨૪મી ડિસેમ્બર ૧૯૨૪ના દિવસે થયો હતો. ત્યારબૂાદ તેમના પરિવારના સભ્યો વર્ષ ૧૯૩૨માં લાહોર જતા રહ્યા હતા.

# કૌશલ્યા એ એક રાણી, એક મહિલા, અને એક માતા, આમ ત્રણ ભાગે વિભાજિત ચરિત્ર છે



**સદગુરુ વચનામૃત**
ફાલ્ગુની વસાવડા

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! રામાયણ એટલે કે ત્રેતા યુગની વાત આજે પણ લોકો પસંદ કરે છે! વિચારતા એવું લાગે કે ચરિત્રોની સિદ્ધતા,અને શુદ્ધતા કેટલી હશે? રામાયણની સંધિ છૂટી પાડીએ તો રામ અયણ એવો થાય, એટલે કે રામની જીવન યાત્રા, અને આપણે સૌ જાણીએ છીએ કે મુખ્ય ચરિત્ર આસપાસ એવા કેટલાંય ચરિત્રો છે, જેના કારણે આ યાત્રાનો સુખદ અંત એટલે કે રાવણ સાથે વિજય થયો, અને અયોધ્યાની રાજગાદી પર રામનો રાજ્યાભિષેક થયો. શ્રવણનાં અંધ માતાપિતા એ તેને શ્રાપ આપ્યો, અને રાજા દશરથનુ પણ પુત્ર વિયોગે મૃત્યુ થયું. એના પરથી સિદ્ધ થાય છે કે યુગ ગમે તે હોય કોઈપણની હાઈ કે નિઃસાસો, એ તેનાં મૃત્યુનું કારણ બની શકે છે. તો આપણને એક વિચાર એ પણ આવે કે શું કૈકેયી એ પોતાના વરદાન માગ્યા અને રામને ૧૪ વર્ષનો વનવાસ થયો, ત્યારે માતા કૌશલ્યાના હૃદયની વ્યથા કેવી હશે? અથવા તેણે કોઈ નિઃસાસો નહિ નાખ્યો હોય? તો આજે આપણે ચિંતનમાં રામની માતા કૌશલ્યા વિશે વાત કરીશું.

સર્વ પ્રથમ તો કૌશલ્યા એ કૌશલ દેશની રાજકુમારી હતી, તેથી તેનું નામ કૌશલ્યા પાડવામાં આવ્યું હતું, અને એને રાજા દશરથના પટરાણી તરીકેનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત તે એક શીલવાન અને સુશીલ સંસ્કારી મહિલા હતાં, અને એમણે રાજા દશરથના જીવનને ઘણી પ્રકારે ધન્ય બનાવ્યું હતું. શ્રી રામચરિત માનસમાં સ્વયં તુલસીદાસજી માતા કૌશલ્યા માટે પૂર્વ દિશા એવો ઉલ્લેખ કર્યો છે, અને આમ પણ ખરાં સૂર્યને જન્મ આપનારી એ સૂર્યવંશી કુળની જનેતા તો પૂર્વ દિશા જેવી દૈદિપ્યમાન અને પવિત્ર જ હોય, એમાં પણ કોઈ બે મત નથી. પરંતુ કૌશલ્યા એ એક રાણી, એક મહિલા, અને એક માતા, આમ ત્રણ ભાગે વિભાજિત ચરિત્ર છે,અને એ રીતે તેના દરેક પાસાને મુલવણી કરવી પડે, તો જ એ ચરિત્રને માન આપી શકાય.

### કૌશલ્યા એક પટરાણી

કૌશલ્યા એ રાજા દશરથની પટરાણી હતી એ વાત સાચી છે, પરંતુ તે રાજાની માનીતી રાણી નહોતાં. કૌશલ્યા સાથેના વિવાહ બાદ રાજા દશરથ એ બીજી બે રાણી સાથે લગ્ન કર્યા, અને પોતાના ત્રણે લોકની પ્રસિદ્ધિને કારણે કૈકેય દેશની રાજકુમારી કૈકેયી સાથે તેમના લગ્ન થયા, જે દેખાવે અત્યંત સુંદર અને યુવાન હતાં. આ ઉપરાંત તે ખુદ એક સફળ યોદ્ધા પણ હતી, અને બુદ્ધિ ની રીતે પણ તે તેજ પ્રતિભા ધરાવતી આકર્ષક મહિલા હતી, અને એવા બીજા પણ કેટલાય ગુણોને કારણે રાજા દશરથ તેનાથી સદૈવ આકર્ષિત રહેતાં, અને તેથી તે તેની માનીતી રાણી બન્યા હતાં. રાજા દશરથ અન્ય બે રાણી કરતાં વધુ સમય રાણી કૈકેયી સાથે વિતાવતા હતાં, છતાં કૌશલ્યા એ કોઈ દિવસ કૈકેયી તરફ દ્વેષ ભાવ રાખ્યો નહોતો, તેને પોતાની પ્રતિભા નું અભિમાન પણ હતું, અને આ કારણે એ ક્યારેક કૌશલ્યા સાથે અવિવેક પણ કરી બેસતાં, છતાં એમણે તે વાત મન પર લીધી નહોતી,અને પોતાની નાની બહેન સમજી એની સાથે પ્રેમપૂર્વક નો વ્યવહાર કરતા હતા.

### કૌશલ્યા એક મહિલા

કૌશલ્યા એક પટરાણી તો હતાં, રાજા રામના માતા પણ હતાં, પણ સાથોસાથ તે એક મહિલા પણ હતાં, અને એ રીતે જોઈએ તો તેમનું હૃદય અત્યંત વેદનાથી ભરેલું હતું. કારણકે પટરાણી નું તો માત્ર તેને સ્થાન પ્રાપ્ત થયું હતું. પોતાના પતિનો એટલો સ્નેહ તે પામી શક્યા નહીં! ભલે અન્ય રાણી પ્રત્યે તેણે દ્વેષભાવ કર્યો નહીં. પરંતુ પોતાની સાથે પોતાના પતિ સમય વિતાવતા ના હોય, તો કઈ સ્ત્રી વેદના ન અનુભવે! આ ઉપરાંત પુત્ર વનવાસ માટેની બીજી પણ એવી ઘણી વ્યથા હતી જે તેમણે હૃદયમાં ભરી રાખી હતી. જેમકે તેઓ વિચારતા હતા કે રાજા દશરથ પોતે પણ પિતા છે, અને એક પિતા પોતાના સંતાનને આ રીતે કેમ વનવાસમાં મોકલી શકે? પોતાના કુળ ની મર્યાદા તો તેમણે સાચવી, પણ પોતાના પિતા હોવાનું કર્તવ્ય તે ચૂકી ગયાં! માત્ર એ ભારતને રાજગાદી એટલું વરદાન પણ આપી શક્યા હોત! પોતે પણ પોતાના પુત્ર સાથે વન ગમન કરવા ઈચ્છતા હતાં, પરંતુ પુત્રે પણ તેને પતિ ધર્મ એ પ્રથમ કર્તવ્ય છે તે દાખવ્યું,અને આમ પોતાના પતિ કે જે તેની સાથે સમય પણ વિતાવતા નથી, એની માટે તેણે પોતાના પુત્રનો વિયોગ સહન કરવો પડ્યો. છતાં તેણે પોતાનો પત્ની ધર્મ નીભાવ્યો અને રામ સીતા અને લક્ષ્મણ જ્યારે વલ્કલ પહેરીને આશીર્વાદ લેવાં આવ્યા, ત્યારે તેમણે વ્યથિત હદયે તેમને આશીર્વાદ આપ્યા, અને પોતાનો પત્ની ધર્મ નીભાવવા રાણી કૈકેયી ના કોપભુવન સુધી ગયાં. પોતાના પુત્ર ને વનવાસ મોકલનાર પ્રત્યે પણ દુર્ભાવ ન કર્યો,અને સહજ સમજણથી આ સમસ્યાનું નિવારણ કરવાની કોશિશ કરી.આમ પોતાના પતિનો સહવાસ ઈચ્છવા છતાં તે એ પામી શક્યા નહીં.

### કૌશલ્યા એક માતા

ચૌદ બ્રહ્માંડ ના અધિપતિ એવા ભગવાન વિષ્ણુના અવતાર તરીકે પ્રભુ શ્રી રામ નો જન્મ માતા કૌશલ્યાની કુખે થયો એટલે એ કૂખની મહત્તા તો જરૂર રહી હશે એ વાતમાં કોઈ બેમત નથી. પ્રભુ શ્રીરામ તો માતા કૌશલ્યા સિવાય અન્ય ના પણ એટલા જ પ્રિય હતાં. પરંતુ એક માતા તરીકે કૌશલ્યા એ પોતાના પુત્રને એ તમામ સંસ્કારો આપ્યાં હતાં જે એક આદર્શ માતા એ આપવા જોઈએ, અને એ કારણે જ તેમણે પોતાના પિતા દ્વારા ચૌદ વર્ષનો વનવાસ અને આયોધ્યા ની રાજગાદી પર ભારતનો રાજ્યાભિષેક આ બે વચનો માગ્યા તો એનો હસતાં હસતાં સ્વીકાર કર્યો, અને પોતાનો પુત્ર ધર્મ અદા કર્યો. નહીં તો એ યુગમાં પણ રાજગાદી માટે ભાઈ ભાઈ વચ્ચે યુદ્ધ થતા હતાં. પરંતુ એક સંસ્કારી માતાના સંસ્કારી પુત્ર એવું ના કર્યું, એટલે ખરેખર પરબ્રહ્મને જન્મ આપવાની તથા તેને ઉછેરવાની જવાબદારી તેણે બખૂબી નિભાવી. આ ઉપરાંત બાળવયમાં પણ વિશ્વામિત્ર ઋષિ સાથે એમણે પોતાના પુત્રને મોકલ્યો હતો, જે બતાવે છે કે ઋષિ સંસ્કૃતિનું જતન કરવું એ રાજકુમારની ફરજ છે, અને એ માટે પોતાના વ્હાલસોયા પુત્ર ને તેમણે ઋષિ ને સોંપી દીધા હતા. તેમણે રામ ને તો પોતાના સંસ્કાર અને મમતા આપ્યા જ હતાં, પરંતુ સુમિત્રાનંદન લક્ષ્મણ શત્રુઘ્ન, અને કૈકેયી નંદન ભારતને પણ પોતાના સ્નેહ સંસ્કારથી ઉછેર્યા હતાં. પ્રભુ શ્રીરામના જાનકી સાથે વિવાહ થયા અને અયોધ્યાના રાજમહેલમાં જાનકીનું આગમન થયું ત્યારે તેમની વય કુમળી હતી તો તેનું પણ એક સનેહાળ માતા બની જતન કર્યું હતું. આમ માતા તરીકે તે એક આદર્શ માતા હતાં, અને એટલે જ પ્રભુ શ્રીરામનો તેમની કૂખે જન્મ થયો હતો. ગમે તે માતા હોય એ પોતાના સંતાનથી દૂર રહી શકે નહીં,પણ પોતાના કુળની મર્યાદાનું જતન કરવું એ તેની પણ ફરજ છે,એ તે જાણતાં હતાં, એટલે અત્યંત દુખી હદયે તેમણે રામ લક્ષ્મણ જાનકીને વિદાય આપી.

કૌશલ્યા શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો જેનામાં કૌશલ્ય છે,એ કૌશલ્યા એવો પણ અર્થ કરી શકાય.તો આપણને વિચાર આવે કે કૌશલ્યામાં એવી કંઈ વિદ્યા કે કલાનું કૌશલ્ય હતું? કારણ કે રામાયણમાં એવો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. પરંતુ દરેક પરિસ્થિતિને સહન કરી જવી અને પોતાની માનસિકતા પર પણ તેની અસર થવા દેવી નહીં, એ પણ એક કૌશલ્ય કહેવાય છે, અને એ રીતે જોઈએ તો ઉપરના ત્રણેય પાસાઓ મુજબ કૌશલ્યા એ ખરેખર ઉમદા કૌશલ્ય ધરાવતા હતા. કારણ કે પોતાના હદયમાં વેદના ભરી હોવા છતાં પણ સ્વસ્થ રહેવું, એ કોઈ સામાન્ય વાત નથી. તો આપણે માતા કૌશલ્યાના ચરિત્ર માંથી દરેકેદરેક પરિસ્થિતિને સ્વીકારી અને સમજણ પૂર્વક તેનો મુકાબલો કરવાની કોશિશ કરીને, એવું કૌશલ્ય દાખવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

## મુન્શી પ્રેમચંદ એટલે ઉપન્યાસ સમ્રાટ

જ્યારે પણ હિન્દી સાહિત્યની વાત આવે તો સૌથી પહેલા મુન્શી પ્રેમચંદની યાદ આવી જાય છે. પ્રગતિશીલ આંદોલનના શિખર પુરૂષ તરીકે પ્રેમચંદને ગણી શકાય છે. આજે ૩૧મી જુલાઈના દિવસે મહાન સાહિત્યકાર મુન્શી પ્રેમચંદની જન્મજયંતિ છે. પ્રેમચંદ એક સર્વેશ્રેષ્ઠ લેખક હોવાની સાથે સાથે ભવિષ્યટા પણ હતા.લાઈફની મુશ્કેલ વાસ્તવિકતાથી પસાર થતી વેળા ક્યારેય ખાનગી હોસ્પિટલમાં દર્દી તરફ જોવામાં આવે તો મંત્ર નવલકથાના ડોક્ટર ચડ્ડાની ભૂમિકા તમામની સામે તાજી થઈ જાય છે. ક્યારેય દેવામાં ડુબેલા ખેડુતની પોતાની ઝુપડીમાં ગાળેલી રાતોની યાદ તાજી થઈ જાય છે. રોમાન્સ અને કલ્પનાની ઉંચાઈથી ખેંચીને સમાને માનવીય વાસ્તવિકતાથી વાકેફ કરાવવામાં તેમની સૌથી મોટી ભૂમિકા રહેલી છે. તેમની આજે ૧૩૯મી જયંતિ છે. આ મહાન લેખક કોઈ સમય ગામમાં એક સ્કુલમાં ૧૮ રૂપિયા પગાર પર ભણાવતા હતા. પ્રેમચંદના ઉપન્યાસ ગોદાન, નિમલા આજે પણ વાસ્તવિકતાની બિલકુલ નજીક નજરે પડે છે. મુન્શીએ પોતાની વાર્તાના કાલ્પનિક સંસારની રચના કરવાના બદલે પોતાના જીવનમાં પણ આવા જ મુલ્યો ઉતાર્યા હતા. જ્યારે તેઓએ બાળ વિધવા શિવરાની દેવી સાથે લગ્ન કર્યા ત્યારે એ જમાનામાં આ સામાજિક બાબતો સાથે જોડાયેલો મામલો હતો. પ્રેમચંદ માત્ર માત્ર ભારતમાં જ નહીં બલ્કે દુનિયામાં પસંદ કરાતા હતા. પ્રેમચંદની વાર્તામાં પાત્ર સામાન્ય નાગરિક હોય છે. આવી સ્થિતીમાં તેમની રચનામાં સામાન્ય વ્યક્તિની સમસ્યાઓ અને જીવનના ઉતારચઢાવને સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. તેમની લોકપ્રિય રચના અંગે વાત કરવામાં આવે તો તેમાં મંત્ર, નશા, શતરંજ કે ખિલાડી, પુસ કી રાત, આત્મારામ, બુડી કાકી, બડે ભાઈ સાહબ, બડે ઘરની બેટી, કફન, ઉધાર કી ઘડી, નમકનો સમાવેશ થાય છે. પંચ પુલ, પ્રેમ પુર્ણિમા જુર્માના જેવી પણ તેમની અમર રચના છે. પ્રેમચંદે આશરે ૩૦૦ વાર્તા લખી હતી. ૧૪ મોટા ઉપન્યાસ લખ્યા હતા. વર્ષ ૧૯૩૫માં તેઓ બિમાર થઈ ગયા હતા. આઠમી ઓક્ટોબર ૧૯૩૬ના દિવસે તેમનુ અવસાન થયુ હતુ. એ વખતે તેમની વય ૫૬ વર્ષની હતી. તેમના દ્વારા લખવામાં આવેલા સાહિત્યના અનુવાદ તમામ ભાષામાં થઈ ચુક્યા છે. જેમાં વિદેશી ભાષા પણ સામેલ છે. મુન્શી પ્રેમચંદે હિન્દી સાહિત્યની જે સેવા કરી છે તે અદ્ભુત છે. મુન્શી પ્રેમચંદને લોકો આજે યાદ કરીને તેમના સાહિત્યમાં યોગદાનની વાત કરી રહ્યા છે. પ્રેમચંદ એકમાત્ર એવા કથાકાર તરીકે રહ્યા છે જેમના પર સૌથી વધારે ફિલ્મોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. રિશિકેશ મુખર્જી જેવા ફિલ્મ નિર્માતા નિર્દેશક પણ મુન્શીથી પ્રભાવિત થયા વગર રહી શક્યા નથી. તમામ જાણકાર કથાકારો સ્પષ્ટ પણે માને છે કે પ્રેમચંદ જેવા કથાકાર કોઈ થયા નથી અને ભવિષ્યમાં થશે નહીં. જ્યારે પણ તેમના લેખન પર નજર કરવામાં આવે ત્યારે જોઈ શકાય છે કે તમામ વિષય પર તેમની ચાંપતી નજર હતી. સાથે સાથે વિષય અંગે તેમની પાસે પુરતી માહિતી હતી.



## સાઇકલ મારી સરરરર.., મોટી ઉંમરે પેડલ મારવાની મોજ



કોરોનાના સમયમાં ઘરે બેસીને સતત કામ કરતી ૪૮ વર્ષની અમૃતાને પીઠમાં દુઃખાવો ઉપડ્યો. થોડા દિવસ તો એણે અવગણના કરી, પણ પતિદેવની સલાહ માનીને ડૉક્ટરની સલાહ લેવા ગઈ. ડૉક્ટરે જાત જાતના સવાલો પૂછ્યા, પછી એવું નિદાન કર્યું કે જીવનમાં તમે ક્યારેય સાઈકલ ચલાવી નથી એનું આ પરિણામ છે. દવાની કોઈ જરૂર નથી, હવે સાઈકલ ચલાવવાનું શરૂ કરો. ઢગલાબંધ દવાઓ અને એક્સરેની અપેક્ષા સાથે ગયેલી અમૃતાને ડૉક્ટરના નિદાનની બહુ નવાઈ લાગી. અને મોટી ઉંમરે સાઈકલ ચલાવતા શીખવાની મુંઝવણ ઊભી થઈ એ જુદું. ખેર, અમૃતા ડૉક્ટરની સલાહ માનીને એની દીકરી પાસેથી સાઈકલ ચલાવતા શીખવા લાગી. અને લગભગ છએક મહિનામાં એની પીઠનો દુખાવો મટી ગયો અને સાઈકલ ચલાવતા શીખી એ નફામાં. માને સાઈકલ ચલાવતા શીખવતી વખતે દીકરીને મોટી ઉંમરની મહિલાઓને સાઈકલ શીખવવાનો ઉત્તમ વિચાર આવ્યો. એણે સાઈકલ ચલાવતા ડરતી કે શરમ કે સંકોચ અનુભવતી સ્ત્રીઓને હિંમત આપીને પેડલ મારતા શીખવવાનું શરૂ કર્યું. આજકાલ જોકે કેટલાક લોકોએ અને ખાસ કરીને મહિલાઓએ મોટી ઉંમરે સાઈકલ ચલાવાનું શરૂ કર્યું છે. કેટલાંક શહેરોમાં એવી સંસ્થા અને કલબ છે જે સાઈકલ શીખવવાની નિઃશુલ્ક સેવા આપે છે. સામાન્ય રીતે મોટી ઉંમરે સાઈકલ શીખવા માગતા લોકોને હાડકાં ભાંગી જવાનો ભય હોય છે, પણ આવા સમયે વ્યક્તિની ઈચ્છાશક્તિ કામ આવે છે. મજબૂત મનોબળથી કાંઈપણ હાંસલ કરી શકાય છે. બાળપણથી સાઈકલ ચલાવનારાને વાંસાની તકલીફ ન થાય એવું પણ જરૂરી નથી, પરંતુ તમામ એક્સરસાઈઝમાં કે કસરત-કવાયતમાં સ્વિમિંગની જેમ સાઈકલ ચલાવવાની કસરત સૌથી ઉત્તમ

# ૬૦ની ઉંમરમાં યુવાન દેખાવું હોય તો, દરરોજ સવારે ખાલી પેટ આ સફેદ દાણાનું સેવન કરો

ડ્રાઈફ્રુટ્સનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. આવી જ રીતે મખાના પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભકારી છે. તેના સેવનથી સ્વાસ્થ્યને કોઈ લાભ મળે છે. મખાના, લોહીની કમી દૂર કરવા, શરીરને મજબૂત બનાવવાની સાથે સ્કિન માટે પણ લાભકારક સાબિત થાય છે. તેમાં કેટલાય પોષક તત્વ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે. આવો આજે અમે આપને મખાનાના ફાયદા જણાવીએ. સ્કિનને રાખશે હેલ્દી- હેલ્થલાઈનમાં છપાયેલી એક સમાચાર અનુસાર, મખાનામાં કેટલાય પોષક તત્વ અને એન્ટીઓક્સિડેન્ટ હોય છે. તેમાં કેટલાય અમીનો એસિડ હોય છે, જે પોતાની એન્ટી એજિંગ ગુણ માટે ઓળખાય છે. જેમાં ગ્લૂટામાઈન, સિસ્ટિન, આર્જિનિન અને મેથિયોનીન સામેલ છે. તે સ્કિન માટે ખૂબ જ ફાયદાકારક છે. રોજ મખાના ખાવાથી ત્વચાને હેલ્દી બનાવી રાખે છે. તે ફ્રી રેડિકલ્સને હટાવીને ત્વચાને ચમકદાર બનાવી રાખે છે.



તેના સેવનથી ચહેરા પરની કરચલીઓ ગાયબ થઈ જશે. મખાનામાં મળતા ગ્લૂટામાઈનનો ઉપયોગ પ્રોલાઈનનું ઉત્પાદન કરવા માટે થાય છે.જે કોલેજનમાં મળતા એક એમિનો એસિડ છે. આ ત્વચાને જવાન બનાવી રાખવામાં મહત્વની ભૂમિકા અદા કરે છે. હાર્ટને હેલ્દી રાખશે. મખાના, હાર્ટ માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. મખાનામાં કેટલાય એન્ટીઓકિસડેંટ્સ ગુણ હોય છે, જે હ્દયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માનવામાં આવે છે. તેના નિયમિત સેવનથી બીપી પણ કંટ્રોલ કરી શકાય છે. ડાયાબિટીઝ કંટ્રોલ કરશે, રોજ ખાલી પેટ મખાના ખાવાથી ડાયાબિટીઝ કંટ્રોલમાં રહે છે. બ્લડ શુગરના દર્દીઓ માટે મખાના એક સારુ ફુડ માનવામાં આવે છે.

વજન ઘટાડવામાં મદદ કરશે- મખાનાના રોજ સેવનથી વજન કંટ્રોલ થાય છે. જો આપ પણ વેટ ઘટાડવા માગો છો તો દરરોજ ખાલી પેટ મખાનાનું સેવન કરો. તેમાં રહેલા તત્વ વેટ લોસમાં ફાયદાકારક થાય છે. તેના સેવનથી દિવસભર ભૂખ ઓછી લાગશે અને બોડીમાં પોષક તત્વની કમી પણ દૂર થાય છે. પાચન તંત્ર મજબૂત કરે- મખાનામાં ફાઈબર, કેલ્શિયમ, આયરન ફોસ્ફોરસ સહિત કેટલાય પોષક તત્વ રહેલા હોય છે. તેમાં ભરપૂર માત્રામાં એન્ટીઓક્સિડેન્ટ અને એન્ટીઈંફ્લેમેટરી ગુણ હોય છે.

## આ શાકભાજીથી ચાંદ જેવો ચહેરો ચમકવા લાગશે

આપ ઘરમાં રાખેલા બટાટાની મદદથી ખૂબ જ સરળતાથી ત્વચાનો રંગ નિખારી શકશો અને ચહેરા પર ગ્લો લાવી શકશો. અહીં અમે વાત કરી રહ્યા છીએ કે આપ કેવી રીતે બટાટાનો ફેસ પેક બનાવી અને તેનો ઉપયોગ કરી શકશો.

વરસાદના દિવસોમાં કેટલીય એવી સમસ્યા શરુ થઈ જાય છે. વધારે પરસેવાથી પોર્સ બ્લોક થઈ જાય છે. સ્કિન પર ડ્રાઈનેસ આવી જાય છે. ચહેરા પર ડાઘ ધબ્બા દેખાવા લાગે છે અને નિખાર ક્યાક ગાયબ થઈ જાય છે. ત્યારે આવા સમયે લોકો પાર્લરમાં જઈને મોંઘા ફેશિયલ વગેરે કરાવે છે. પણ થોડા દિવસોમાં જ સ્કીન ફરીથી ડલ થવા લાગે છે. જો આપ ચહેરા પર નેચરલ ચીજોની મદદથી ઈંસ્ટેંટ નિખાર મેળવવા માગો છો, તો અમુક ઘરેલુ ઉપાયોની મદદ લઈ શકશો. આપ ઘરમાં રાખેલા બટાટાની મદદથી ખૂબ જ સરળતાથી ત્વચાનો રંગ નિખારી શકશો અને ચહેરા પર ગ્લો લાવી શકશો. અહીં અમે વાત કરી રહ્યા છીએ કે આપ કેવી રીતે બટાટાનો ફેસ પેક બનાવી અને તેનો ઉપયોગ કરી શકશો. પહેલા બટાટાને સારી રીતે ધોઈ નાખો અને છાલ કાઢીને છુંદી નાખો. બાદમાં ડુંગળીને પણ છુંદીને મિશ્ર કરી નાખો. હવે તેમાં દહીં અને મધ ભેળવો. ફેસપેક તૈયાર થઈ જશે. તેને ચહેરા પર લગાવો અને ૧૫ મિનિટ બાદ ચહેરાને ધોઈ



નાખો. તે આપની સ્કિનને નિખાર આપશે અને ભેજ બનાવી રાખવામાં મદદ કરશે. જો કે કોઈ પણ પ્રકારની એલર્જીથી બચવા માટે પેચ ટેસ્ટ જરુરથી કરાવો.

સૌથી પહેલા બટાટાને બાફી લો અને ઠંડા કરીને છુંદી નાખો. તેમાં મધ, લીંબૂનો રસ અને દહીં ભેળવો અને તમામ સામગ્રીને સારી રીતે બનાવીને ફેસ પેક તૈયાર કરી લો. હવે તેને સાફ ચહેરા પર લગાવો અને સારી રીતે મસાજ કરો. તેને ચહેરા પર રહેવા દો અને ૧૫-૨૦ મિનિટ સુધી સુકાવા દો. સુકાયા બાદ ઠંડા પાણીથી ચહેરો ધોઈ નાખી. તે આપનો ચહેરો નિખારશે અને રંગ સાફ કરશે. તેના ઉપયોગથી ટૈનિંગ પણ દૂર થશે. ઉપયોગ કરતા પહેલા પૈચ ટેસ્ટ જરુર કરાવી લો.

## ન્હાવામાં આ ભૂલ ચામડીની તકલીફોને આમંત્રણ આપ



હાલ લગભગ તમામ લોકો નાહવામાં લુફાનો ઉપયોગ કરતા જ હોય છે. પણ શું તમને ખબર છે જો યોગ્ય રીતે લુફાનો ઉપયોગ ન કર્યો તો ચામડીને લગતી ગંભીર બીમારીનો તમે શિકાર થઈ શકો છો. જર્નલ ઓફ ક્લીનિકલ માઈક્રોબાયોલોજીમાં પ્રકાશિત થયેલા રિસર્ચનાં પરિણામોમાં સામે આવ્યુ છે, કે લૂફાના ઉપયોગ બાદ જો તમે લૂફાને વ્યવસ્થિત રીતે સાફ નથી કર્યું અને તડકામાં નથી સૂકવ્યું તો તેમાં કેંડિડા કે ડર્માટોફાઈટ્સ જેવી ફંગલ જન્મી શકે છે. જેના લીધે ખંજવાળ કે યીસ્ય ઈન્ફેક્શન જેવી સમસ્યાઓ આવી શકે છે. વિશેષજ્ઞોના મતે તો દર ત્રણ સપ્તાહમાં લૂફા બદલવો જોઈએ.જો આમ નથી કરતા તો લૂફામાંનાં જીવાણું તમારી ત્વચામાં ઈન્ફેક્શન ફેલાવી શકે છે. રાજીકા કચેરિયા, કોસ્મેટોલોજિસ્ટના મતે, જેની સ્કિન ડ્રાઈ હોય છે.

## શું ભારતમા ડીઝીટલ કરન્સી લાવવી હિતાવહ છે?



ડિજિટલ કરન્સી એ ચલણ છે જે ફક્ત કમ્પ્યુટર અથવા મોબાઈલ ફોનથી જ ચાલે છે કારણ કે તે ફક્ત ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. આ કારણથી પૈસાની લેવડદેવડ માટે કોઈ વચેટિયાની જરૂર પડતી નથી. ઘણીવાર પૈસાની લેવડદેવડમાં વચ્ચેનો દલાલ અમુક પૈસા તમને ટ્રાન્સફર ફી ના નામે ચાર્જ કરતા હોય છે તે ડિજિટલ કરન્સીમાં કોઈ વધારાનું ચુકવણું આપવાનું રહેતું નથી. તમે જો તમારો વેપાર ધંધો ફક્ત ભારતમાં જ નહીં પણ ભારતની બહાર પણ કરતા હો અથવા વારંવાર વિદેશ પ્રવાસ કરતા હો ત્યારે તમારા પૈસાને બીજા દેશની કરન્સીમાં ચૂકવવા માટે કોઈ વધારાનો પ્રોસેસ કરવો પડતો નથી. ઈન્ટરનેટના એક જ નેટવર્ક હેઠળ બે જુદી જુદી કરન્સીઓમાં લેવડદેવડ કરવી હોય તો ડિજિટલ કરન્સી એ ઉત્તમ ઉપાય છે. અત્યારે તમે જે કિસ્સામાં કાગળની ચલણી નોટ રાખો છો એને અંગ્રેજીમાં ફિયાટ કરન્સી કહેવાય છે, આ ચલણી નોટ છાપવા માટે તથા એને જાળવવા માટે અને સમય સમયે એનું ઉત્પાદન કરવામાં તથા ફાટી ગયેલી ચલણી નોટો બદલવામાં દરેક દેશોની સરકારને ખૂબ ખૂબ ખર્ચો થાય છે પણ ડિજિટલ કરન્સીને કારણે આ ખર્ચ લગભગ નહિવત થઈ જાય છે. સરકારને ડિજિટલ કરન્સી જાળવવા માટે ફકત એક નેટવર્કની જ જરૂર હોય છે.

એથી વધુ કંઈ કરવાનુ રહેતું નથી. ડિજિટલ કરન્સીનો સૌથી મોટો ફાયદો ભ્રષ્ટાચાર રોકવામાં મદદ થાય તે છે. ઘણી વખત તમારે સરકારી કામકાજ અથવા કોઈ જરૂરી કામ માટે પૈસા ભરવાના હોય તો કચેરીમાં એ કામ માટે ભાવતાલ થઈ શકે છે પણ એ જ પૈસા જો તમારે ડિજિટલ કરન્સીના સ્વરૂપે ઓનલાઈન ભરી દેવાના હોય તો ત્યાં વચેટિયાઓને ભ્રષ્ટાચાર કરવાની તક મળતી નથી આ ડિજિટલ કરન્સીનો આ સૌથી મોટો ફાયદો છે. ડિજિટલ કરન્સી ને લીધે કાગળની ચલણી નોટોમાં થતી છેતરપિંડી અથવા તો બનાવટી નોટો જે વ્યવહારમાં આવી જાય છે એની ઉપર સખત કાબુ મેળવી શકાય છે. બેંકમાં તમારે બે ત્રણ ખાતા હોય તો બેંકમાં ધક્કો ખાધા વગર ડિજિટલ કરન્સી એક ખાતામાંથી બીજા ખાતામાં ઝડપથી ટ્રાન્સફર કરી શકાય છે.

ઘણી વખત કોઈ ના પૈસા લેણા નીકળતા હોય અને ચેકથી પૈસા આપે તો ચેક બાઉન્સ થવાની શક્યતા રહેલી છે પણ તમે એ પૈસા ડિજિટલ કરન્સીમાં માગો તો ચેક્ બાઉન્સ થવા માટેની કોઈ શક્યતા રહેતી નથી. તમારા દેશમાં ડિજિટલ કરન્સી જેટલી વધશે એટલો આંતરરાષ્ટ્રીય વેપાર વધશે અને એથી દેશને ઘણો ફાયદો થાય છે અને એથી જ અત્યારની ભારત સરકાર ડિજિટલ કરન્સી માટે ખૂબ ઉત્તેજન આપે છે.

BOLLYWOOD NEWS FLASH

### આ લુકમાં ધનુષને જોઇને દર્શકો પણ ચોંકી ઉઠ્યા છે, ટિઝરમાં હાઇ ઓક્ટેન એક્શનથી ધનુષે લોકોનું દિલ જીતી લીધુ છે



## એક્શનથી ધનુષે પુષ્પા અને પઠાનને આપી માત

। મુંબઈ, તા.૩૦ ।

નેશનલ એવોર્જ વિનર એક્ટર ધનુષ આજે એનો ૪૦મી બર્થ ડે સેલિબ્રેટ કરી રહ્યા છે. મલ્ટી ટેલેન્ટેડ એક્ટર દરેક ફિલ્મની સાથે નવા રૂપમાં અલગ અવતારમાં જોવા મળે છે. જો કે દર્શકોને આ લુક્સ બહુ ગમે છે. હાલમાં ધનુષ એરપોર્ટ પર મોટી દાઢી અને વાળમાં સ્પોટ થયો હતો, જે પરથી અલગ અંદાજો લગાવી શકાય છે કે એની આગામી ફિલ્મમાં કેવી ભૂમિકાની ડિમાન્ડ હશે. જો કે આ વાત સાચી નિકળી. ધનુષના જન્મદિવસે રાત્રે ૧૨ વાગે એની આગામી ફિલ્મ કેપ્ટન મિલરનું ટિઝર રિલીઝ કરવામાં આવ્યુ છે. આ ટિઝરમાં તમે ધનુષનો નવો અવતાર જોઈ શકો છે. જો કે આ લુકમાં ધનુષને જોઈને દર્શકો પણ ચોંકી ઉઠ્યા છે. ટિઝરમાં હાઈ ઓક્ટેન એક્શનથી ધનુષે લોકોનું દિલ જીતી લીધુ છે. ધનુષે એના સોશિયલ મીડિયા હેન્ડલ પર મોસ્ટ એવેટેડ કેપ્ટન મિલરનું ટિઝર રિલીઝ કરીને પોતાના જન્મ દિવસની ઉજવણી શરૂ કરી છે. ફિલ્મનું પહેલું ટિઝર જબરજસ્ત છે. આ ટિઝર કુલ ૧.૩૩ મિનિટનું છે. અરુણ મથેશ્વરન દ્વારા નિર્દેશિત આ ફિલ્મ દુનિયાભરના સિનેમાલવર્સ માટે ખાસ ગિફ્ટથી ઓછુ નથી. કેપ્ટન મિલર ટિઝરથી અહિંયા એક હિંટ મળે છે કે આ ફિલ્મ મિલર એટલે કે ઈસા એનાલીસન નામની એક વ્યક્તિની કહાની છે. જેના વોન્ટેડના પોસ્ટર ટિઝરમાં જોવા મળે છે. પોસ્ટરમાં એને શોધવા માટે મોટી રકમ ઈનામમાં મળવાની વાત કહી છે. ત્યારબાદ ટિઝરમાં હાઈ વોલ્ટેજ એક્શન સીન્સ જોવાની મજા તમે માણી શકો છો.

### જાહ્નવી કપૂરે જાણીતા ફેશન ડિઝાઇનર ગૌરવ ગુપ્તાના શો માટે શો સ્ટોપર બની હતી, જેમાં એક્ટ્રેસ ફેન્સને ઘાયલ કરી દીધા

## જાહ્નવી કપૂરે રેમ્પ વોક પર બ્લૂ લહેંગામાં આપ્યા હોટ પોઝ

। મુંબઈ, તા.૩૦ ।

એક્ટર અને એક્ટ્રેસ કોઈને કોઈ રીતે હંમેશા ચર્ચામાં રહેતા હોય છે. કોઈનું હોટ ફોટો શૂટ ચર્ચાનો મુદ્દો બને છે તો કોઈ વરસાદમાં ડાન્સ કરીને હુસ્નનો જલવો દેખાડે છે. આમ, વાત કરવામાં આવે તો હાલમાં જાહ્નવી કપૂરે એક ઈવેન્ટમાં પોતાની આગવી અદાઓથી લોકોને ફિદા કરી દીધા છે. અદાકારી જાહ્નવી કપૂરે હાલમાં એક ફેશન ઈવેન્ટમાં ભાગ લીધો હતો. જ્યાં જાહ્નવી કપૂરે બ્લૂ લહેંગામાં હોટ પોઝ આપ્યા હતા. અદાકારી જાહ્નવી કપૂર આ દરમિયાન બ્લૂ રંગના શિમરી લહેંગામાં બહુ મસ્ત લાગી રહી હતી. આ સાથે જાહ્નવીનો ક્લાસી લુક



જોવા મળ્યો હતો. જો કે આ તસવીરો થોડી વારમાં ઈન્ટરનેટ પર વાયરલ થઈ ગઈ છે. આ સમયે જાહ્નવી કપૂરે એકથી એક ચઢિયાતા પોઝ આપ્યા છે. રેમ્પ વોક પર જાહ્નવી કપૂરનો આત્મવિશ્વાસ કંઈક અલગ જોવા મળી રહ્યો છે.

### મારા પતિ વિકાસ ઓબેરોયને મળીને મને એ વાતનો અહેસાસ થયો કે હું બોલિવૂડમાં રહેવા કરતાં વધુ પારિવારિક જીવન ઇચ્છું છું

## ગાયત્રી જોષીએ કેમ ફિલ્મી દુનિયાને કહી દીધું અલવિદા?

। મુંબઈ, તા.૩૦ ।

બોલિવૂડ એક્ટ્રેસ ગાયત્રી જોશીએ એક ન્યૂઝ વેબપોર્ટલને આપેલી મુલાકાતમાં શોબિઝની દુનિયા છોડીને પારિવારિક જીવનમાં આવવાના નિર્ણય વિશે ખુલાસો કર્યો છે. તેની પ્રથમ ફિલ્મ રિલીઝ થયાના એક વર્ષ પછી જ ગાયત્રીએ ઓબેરોય કન્સ્ટ્રક્શનના જાણીતા પ્રમોટર વિકાસ ઓબેરોય સાથે લગ્ન કર્યા હતા. ૪૭ વર્ષીય ગાયત્રી જોશીએ કહ્યું, 'મારું મન ખુલ્લું હતું અને હું સ્ક્રિપ્ટ સાંભળવા તૈયાર હતી. મને ખાતરી હતી કે ટૂંક સમયમાં એક સારી તક મારી પાસે આવશે. પછી મને બેસ્ટ ન્યૂકમરનો એવોર્ડ મળ્યો, કેટલીકવાર વસ્તુઓ પ્લાન પ્રમાણે નથી થતી. એક્ટ્રેસ ગાયત્રી જણાવે છે કે વિકાસ ઓબેરોયને મળી ત્યારે ફિલ્મોમાં સફળ કારકિર્દી સાથે આગળ વધવાની તેની ધારણા સંપૂર્ણપણે બદલાઈ ગઈ.



### આ સાથે તેણે કહ્યું હતું કે, લોકોને દુઃખી જોઈ આસિત કુમારને મજા આવે છે, તે પોતાને સર્વોપરી માને છે

## અભિનેત્રી પ્રિયા આહુજાને ફોન પર મળી હતી ચેતવણી

। મુંબઈ, તા.૩૦ ।

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માંમાં રિટા રિપોર્ટરનો રોલ પ્લે કરનારી પ્રિયા આહુજા રાજદાએ હાલમાં જ આ પોપ્યુલર શો છોડ્યો હતો. પ્રિયાએ ૧૪ વર્ષ સુધી કામ કર્યું હતું પરંતુ તેના ટ્રેક વિશે સતત કરવામાં આવેલી પૂછપરછ વિશે કોઈ જવાબ ન મળતા અને આશરે આઠ મહિના સુધી ઘરે બેસ્યા બાદ તેણે આસિત મોદીને મેસેજ કરીને શો છોડી રહી હોવાનું જણાવ્યું હતું. જો કે, એક્ટ્રેસનું કહેવું છે કે તેને હજી સુધી આ અંગે કોઈ જ જવાબ મળ્યો નથી. હાલમાં વાતચીતમાં તેણે નારાજગી વ્યક્ત કરી હતી અને ટીમના વર્તનથી તેને કેટલી ઠેસ પહોંચી હતી તે જણાવ્યું હતું. આ સાથે રોશનભાભી ઉર્ફે જેનિફર મિસ્ત્રી બંસીવાલે જ્યારે આસિત મોદી પર શારીરિક શોષણનો આરોપ લગાવ્યો ત્યારે તેને મેકર્સ તરફથી મીડિયા સામે આ અંગે કંઈ જ ટિપ્પણી ન કરવાનો આડકતરો ફોન આવ્યો હોવાનો ખુલાસો પણ પ્રિયાએ કર્યો હતો.



## તારક મહેતાના ૧૫ વર્ષ પૂર્ણ થતાં સેટ પર થઈ ઉજવણી

। મુંબઈ, તા.૩૦ ।

છેલ્લા થોડા સમયથી વિવાદો વચ્ચે ઘેરાયેલી સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના આજે એટલે કે ૨૮ જુલાઈએ ૧૫ વર્ષ પૂરા થયા છે. સીરિયલમાં બતાવાઈ રહ્યું છે કે, ગોકુલધામવાસીઓ વરસાદમાં નાચી-ગાઈને આજના દિવસની ઉજવણી કરી રહ્યા છે. ઓફ-કેમેરા પણ શોની સ્ટારકાસ્ટે સાથે મળીને ઉજવણી કરી હતી. સોનુ ભીડેનો રોલ કરતી એક્ટ્રેસ પલક સિદ્ધવાનીએ સેટ પરની કેટલીક તસવીરો શેર કરીને હંમેશા પ્રેમ આપવા માટે ફેન્સનો આભાર માન્યો છે. પલકે બે તસવીરો શેર કરી છે જેમાંથી એકમાં તે




ગોકુલધામ સોસાયટીના મહિલા મંડળ સાથે જોવા મળે છે. જ્યારે બીજી તસવીરમાં સુંદર સહિત શોના બધા જ પાત્રો જોવા મળી રહ્યા છે. પલકે આ તસવીરો શેર કરતાં લખ્યું, "આ ભવ્ય શોના ૧૫ વર્ષ પૂરા થયા છે. આ જર્નીને આટલી સુંદર બનાવવા માટે કોઈને કોઈ રીતે ફાળો આપનારા દરેક વ્યક્તિનો હૃદયપૂર્વક આભાર માનું છું. આસિત સર મને તમારા પરિવારનો ભાગ બનાવવા માટે આભાર. આખી કાસ્ટ અને ક્રૂનો સપોર્ટ આપવા અને નિષ્ઠાથી કામ કરવા માટે આભાર. અમારા શુભચિંતકો અને ફેન્સનો પણ અવિરત પ્રેમ આપવા બદલ આભાર. આ સફર આમ જ ચાલતી રહે અને તમારા સૌનો પ્રેમ મળતો રહે.

### ફિલ્મનું ટ્રેલર રિલીઝ થતાં જ ભારત અને પાકિસ્તાનના સંબંધો પર ફરી એકવાર ચર્ચા શરૂ થઇ ગઇ છે

## શબાના આઝમીએ ફિલ્મ ગદરને કહી ભડકાઉ ફિલ્મ

। મુંબઈ, તા.૩૦ ।

પાકિસ્તાનથી ભારત આવેલી સીમા હૈદર અને ભારતથી પાકિસ્તાન ગયેલી અંજૂની લવ સ્ટોરી આજકાલ ખાસ્સી ચર્ચામાં છે. આ વચ્ચે ભારત-પાકિસ્તાનની ભાગલા પર બનેલી ફિલ્મ 'ગદર'ની સીક્વલ 'ગદર ૨'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ થતાં જ ભારત-પાકિસ્તાનના સંબંધો પર ફરી એકવાર ચર્ચા શરૂ થઈ ગઈ છે. તેવામાં આ વચ્ચે શબાના આઝમીનું એક એવું ઈન્ટરવ્યુ વાયરલ થઈ રહ્યું છે, જેમાં તેણે ફિલ્મ 'ગદરઃ એક પ્રેમ કથા'ની ખૂબ ટીકા કરી હતી. શબાના આઝમીએ ભારત અને પાક્સ્તાનની વિભાજન વચ્ચે કેરેક્ટર્સના ચિત્રણ પર વાંધો ઉઠાવતા ફિલ્મને ભડકાઉ કહી હતી. જો કે શબાનાના આ નિવેદન પર હંમેશા શાંત રહેતા સની દેઓલ એટલે કે ફિલ્મના 'તારા સિંહ'એ જડબાતોડ જવાબ આપ્યો હતો. ગદર ૨નું શાનદાર ટ્રેલર સામે આવ્યું છે અને આ સાથે જ ફેન્સ આતુરતાથી ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યા છે.



# એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશનના સુરત ચેપ્ટરનો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા શુભારંભ

## રાજ્યની ૫૯૦૩ ગ્રામ પંચાયતોમાં પ્રત્યેકમાં ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે

| સુરત તા.૩૦ |

ગાંધી શાંતિ પુરસ્કારથી સન્માનિત એકલ અભિયાન ટ્રસ્ટ અંતર્ગત એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશનના સુરત ચેપ્ટરનો શુભારંભ કરાવતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, ગરીબો, વંચિતો, પીડિતોના આંસુ લૂછવા એ સાચી માનવતા છે. અપાર ધન દોલત, વૈભવ, આધુનિક સુખસુવિધાઓ ભોગવતા સમાજ શ્રેષ્ઠીઓ છેવાડાના ગામોમાં વસતા અશિક્ષિત, સામાન્ય અવસ્થામાં જીવન જીવતા ખેડૂતો, શ્રમિકો, વનવાસીઓને શિક્ષિત કરવા તેમજ તેમના સર્વાંગી કલ્યાણ માટે ગામડાઓ ખૂંદી રહ્યા છે, અને જનસેવાના ધ્યેયમાં હિસ્સેદાર બની રહ્યા છે એ જ સાચી ઈશ્વર પૂજા છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રગતિશીલ, બુદ્ધિજીવી અને જાગૃત્ત સમાજસેવકોએ સાથે મળીને આ એકલ અભિયાન ટ્રસ્ટનું અદના માનવીની સેવા માટે સિંચન કર્યું છે. સાફ નિયત અને નિઃસ્વાર્થ ભાવે સમાજ ઉત્થાનના ધ્યેય સાથે કાર્ય કરવામાં આવે તો સફળતા અવશ્ય મળે જ એ વાતને એકલ અભિયાને સાર્થક કરી છે. એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશન, સુરત પ્રથમ ચેપ્ટર તરીકે શરૂ થવા જઈ રહ્યું છે તેનો આનંદ વ્યક્ત કરીને રાજ્યપાલશ્રીએ સંસ્થાના હોદેદારોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, ગ્રામ નિર્માણથી જ રાષ્ટ્ર



નિર્માણ શક્ય બને છે. ગામડાઓને આત્મનિર્ભર બનાવીને જ રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવી શકીશું. એકલ ફાઉન્ડેશન ગ્રામોત્થાનના ઉમદા કાર્ય સાથે રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી બન્યું છે જેની તેમણે ખુશી વ્યક્ત કરી હતી. 'ગામડુ સમૃદ્ધ તો દેશ સમૃદ્ધ'ના લક્ષ્ય સાથે ગ્રામ્ય સ્તરે જ રોજગારી ઉભી કરવા અને યુવાનો, મહિલાઓનું કૌશલ્યવર્ધન કરી ગામોથી શહેરો તરફ થતું પલાયન રોકવાના ઉદ્દેશ સાથે આ સંસ્થા કામ કરી રહી છે જે સરાહનીય છે એમ પણ રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, વનવાસી બંધુઓના ઉત્થાન સહિત 'ગાય આધારિત ખેતી અને ખેતી આધારિત ગ્રામોદ્યોગ'ની ભાવનાને પ્રોત્સાહન આપતી આ સંસ્થા દ્વારા ખેડૂતોના ખેતરને રસાયણમુક્ત બનાવીને તંદુરસ્ત-પૌષ્ટિક કૃષિ પેદાશો દ્વારા ગામડાઓની સાથોસાથ શહેરોમાં પણ આરોગ્ય વૃદ્ધિના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# જી.ટી. પંડયા કલેકટરના વરદ હસ્તે સફળતા પૂર્વક તાલીમ પ્રાપ્ત કરનાર ૧૮૦ જેટલા દિવ્યાંગોને તાલીમ પ્રમાણપત્રો અર્પણ કરાયા

મોરબી, અત્રેના પંચમુખી હનુમાનજી મહારાજ મંદિરના સત્સંગ હોલમાં નવજીવન વિકંલાગ સેવાશ્રય દ્વારા છેલ્લા છ માસમાં ૮૫૦ જેટલા દિવ્યાંગોને પોતે પોતાના પગ પર ઉભા રહી શકે, કમાણી કરી પોતાનું ગુજરાન ચલાવી શકે, દિવ્યાંગોનું પુનવર્સન થાય એવા હેતુસર CEDA ના સહયોગથી નવજીવન દિવ્યાંગ સેવાશ્રય દ્વારા પ્રમાણપત્ર વિતરણ અને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ બેગનું રકતદાન થયું હતું. અને તાજેતરમાં જ ૧૮૦ તાલીમાર્થીઓએ તાલીમ પૂણ કરેલ એ દિવ્યાંગ તાલીમાર્થીઓને પ્રમાણ પત્ર અર્પણ કરતા કલેકટર જી.ટી. પંડયાએ નવજીવન સેવા ટ્રસ્ટની સેવાને બિરદાવી હતી અને દિવ્યાંગ પુનર્વસનની પ્રવૃતિઓ વર્ણવી હતી, વિપુલભાઈ શેરસિયા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, ભરતભાઈ કલાર્ક સમાજ સુરક્ષા વિભાગ, બી.એસ. સોલંકી નિવૃત મામલતદાર, કમલેશભાઈ દલસાણીયા શિક્ષક તેમજ જીતેન્દ્રભાઈ જોષી સ્થાપક સેક્રેટરી નવજીવન વિકલાંગ સેવાશ્રય વગેરેએ સંબોધનમાં દિવ્યાંગ વ્યકિતઓ કામને બિરદાવ્યા હતા, દિવ્યાંગો જીવનમાં ખુબજ આગળ વધે એવી શુભેચ્છાઓ વ્યકત કરી હતી અને સરકાર દ્વારા દિવ્યાંગોને અપાતા લાભો, સહાય વગેરેની વિસ્તૃત ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુચારુ સંચાલન દિનેશભાઈ વડસોલા અધ્યક્ષ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું વ્યવસ્થાપન, આયોજન અને અમલીકરણમાં બળવંતભાઈ જોશી, જયેશભાઈ રંગાડીયા તેમજ નવજીવન વિકલાંગ સેવાશ્રયના તમામ કાર્યકર્તાઓએ ખુબજ જહેમત ઉઠાવી હતી, અનિલભાઈ વાઘેલા પંચમુખી હનુમાનજી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટિએ તમામ વ્યવસ્થા પુરી પાડી હતી.





ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કડાણા ગામે અધિક શ્રાવણ માસ પુરષોત્તમ માસ તેમજ કમલા એકાદશી નિમિત્તે શનિવાર ના રોજ શ્રીમતી મેઘાબેન પ્રશાંત કુમાર પંડ્યા ના નિવાસ સ્થાને સત્સંગ ભજન મંડળ દ્વારા ભવ્ય પ્રોગ્રામ રાખેલ હતો ગામના તેમજ અન્ય ધર્મ પ્રેમી ભક્તોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો સૌએ આરતી તેમજ પ્રસાદી નો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# વન પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ તથા પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાનું ડાંગના પ્રવેશદ્વાર ભેંસકાતરી ખાતે ઉમળકાભેર સ્વાગત કરાયું

| સુરત તા.૩૦ |

'મેઘ મલ્હાર પર્વ-૨૦૨૩' ના ઉદ્‌ઘાટન અર્થે પધારેલા મંત્રી શ્રી મુળુભાઈ બેરાનું જિલ્લાના પ્રવેશદ્વાર ભેંસકાતરી સ્થિત વન વિભાગના વિશ્રામ ગૃહ ખાતે ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત-ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે સ્વાગત, અભિવાદન કર્યું હતું.

આ વેળા તેમની સાથે ભાજપા અધ્યક્ષ શ્રી કિશોરભાઈ ગાવિત, મહામંત્રી શ્રી રાજેશભાઈ ગામીત સહિતના હોદ્દેદારોએ પણ મંત્રીશ્રીનું અભિવાદન કર્યું હતું.

દરમિયાન વલસાડ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષક શ્રી મનિશ્વર રાજા, ડાંગના નાયબ વન સંરક્ષક સર્વશ્રી રવિ પ્રસાદ અને દિનેશ રબારી સહિતના વન અધિકારીઓ વિગેરેએ ઉપસ્થિત રહી, મંત્રીશ્રીને આવકાર્યા હતા. મંત્રીશ્રીએ જિલ્લાના પ્રાકૃતિક પ્રવાસન સ્થળો સહિત વન વિસ્તાર અને વન વિભાગની વિગતો મેળવી હતી.

# જસદણ જીઆઈડીસી એસોસિએશનના પ્રમુખ વિજયભાઈ રાઠોડનો આજે જન્મદિન

| હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૩૦ |

પાંચમા પૂછાતાં અને પારકી છઠ્ઠીના જાગતલ એવાં જસદણ જીઆઈડીસી એસોસિએશનના અને જસદણ શહેર યુવા ભાજપ બક્ષીપંચ મોરચાનાંના પ્રમુખ વિજયભાઈ જેન્તીભાઈ રાઠોડ (મો. ૯૬૦૧૫૧૧૧૧૧)નો તા.૩૧ જુલાઈ સોમવારના રોજ જન્મદિવસ છે વિજયભાઈ સોમવારે પોતાની જીવનયાત્રાના ૪૦ વર્ષ પૂર્ણ કરી ૪૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતાં તેમનાં બહોળા મિત્રવર્તુળ, સગાસ્નેહીજનો પરિવારમાં ખુશાલી વ્યાપી છે. ભૂતકાળમાં જસદણ શહેર યુવા ભાજપના પ્રમુખ તરીકેની કામગીરીમાં જોટો જડવો મુશ્કેલ છે ખાસ કરીને લોકડાઉન અને વાર તહેવારોમાં ગરીબ લોકોને આર્થિક મેડીકલ હેલ્પ કરી પણ આ બાબતે જાહેરમાં કોઈ ઢોલ પીટયો નથી અને દેખાડો કર્યો નથી આવું તો એમની પેઢીએ અને એમણે અનેક કિસ્સાઓમાં ઘણું કર્યું છે પણ એ બધું દેખાડવાનું ન હોય એવું દ્રઢપણે માનનારા વિજયભાઈ અનેક લોકો માટે



અડધી રાતના હોંકારા સમાન છે તેમનાં જન્મદિને રાજય અને સૌરાષ્ટ્રની ધાર્મિક, રાજકીય, વેપાર, ઉદ્યોગ, સેવાકીય, સામાજિક, વૈદકીય, સરકારી, સહકારી, શૈક્ષણિક જેવી સંસ્થાઓના આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો, અને કર્મચારીઓ દ્વારા વિવિધ માધ્યમો પર આગોતરી મુશળધાર શુભેચ્છાઓ વરસી રહી છે.

# જિલ્લા શિક્ષણાધિકારી સુરત દ્વારા ઉત્કૃષ્ટ પરિણામ પ્રદર્શન શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો

| સુરત તા.૩૦ |

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત દ્વારા આજરોજ સુરત જિલ્લાના એસ.એસ.સી અને એચ.એસ.સી. માર્ચ ૨૦૨૩ શાળાન્ત પ્રમાણપત્ર પરીક્ષામાં શાળામાં પોતાના વિષયમાં સો ટકા પરિણામ મેળવવા બદલ ૩૧૨ શિક્ષકોને સન્માનિત કરવા એલ પી સવાણી ઈન્ટરનેશનલ સ્કૂલ, પાલ,ગૌરવ પથ, સુરત ખાતે સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં જિલ્લાના ૧ થી ૧૪ એસ.વી. એસની સરકારી અને ગ્રાન્ટ -ઈન -એઈડ શાળાઓના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ સરસ્વતી વંદના અને સંસ્કૃત પાઠશાળાના ઋષિ કુમારો દ્વારા મંત્રોચ્ચારથી શરૂ કરાયો. આ કાર્યક્રમમાં સામાજિક અગ્રણી અને રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માનિત શ્રી કાનજીભાઈ ભાલાળા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી શિક્ષકોને પોતાના વિષયનું જ્ઞાન, રોજેરોજની પાઠની તૈયારી, ચહેરા પર સ્મિત, વિદ્યાર્થીઓ સાથે સતત સંપર્ક અને નિષ્ઠાપૂર્વક કામગીરી કરવા માટે અને શ્રેષ્ઠ પરિણામ લાવવા માટે પ્રેરણાદાયી ઉદબોદન કરી ભવિષ્યમા વિદ્યાર્થીઓ દેશના ઉત્થાન માટે કાર્ય કરે એવું શિક્ષણ આપવા હાંકલ કરી હતી.

### પોઇચા નિલકંઠધામ ખાતે જિલ્લા પંચાયતના સદસ્યોનો દ્વિ દિવસીય અભ્યાસ વર્ગનો પ્રારંભ

# ૪ જિલ્લા નર્મદા, વડોદરા, છોટાઉદેપુર અને ભરૂચના જિલ્લા પંચાયતના સભ્યો અભ્યાસવર્ગમાં જોડાયા

## ગરીબ માણસની ઝુંપડીમાં કેન્દ્ર સરકારની યોજનાઓને લઈ જાય તે જિલ્લા પંચાયત નો સભ્ય હોય છે : ગોરધન ઝડફીયા



| દીપક જગતાપ રાજપીપળા, તા.૩૦ |

દ્વિ દિવસીય જિલ્લા પંચાયતના સદસ્યોનો અભ્યાસ વર્ગ પોઈચા નિલકંઠધામ ખાતે યોજાયો હતો. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ ગોરધન ઝડફીયાના હસ્તે કરવામાં આવ્યું. જેમાં ૪ જિલ્લા નર્મદા, વડોદરા, છોટાઉદેપુર અને ભરૂચના જિલ્લા પંચાયત ના સભ્યો નો અભ્યાસ વર્ગ આજ થી શરૂ થયો છે આ વર્ગ માં ગુજરાત પ્રદેશ ભાજપ ના ઉપપ્રમુખ ગોરધન ઝડફીયા એ જિલ્લા પંચાયત ના સભ્યો ને તેમની ભૂમિકા આવનારી લોકસભા ચૂંટણી માં શુ છે તેના વિશે સવિશેષ માહિતી આપી હતી જિલ્લા પંચાયત ના સભ્ય તરીકે પોતાના મતવિસ્તારમાં શુ કર્યો કરવાના તેના વિશે જણાવ્યું કે ગ્રામજનો સુધી જાવ અને ખાટલા બેઠકો કરવી અને આ બેઠકો ના કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની યોજનો લોકો સુધી પહોંચાડવાનો સંકલ્પ કરવા કહયું આ અભ્યાસ વર્ગ માત્ર સાંભળવા માટે નો નથી તેને પોતાના જીવન માં ઉતારવા માટે છે જિલ્લા પંચાયત યોજનાઓ ની અમલીકરણ એજન્સી છે સભ્યો ની ભુમિકા એવી હોવી જોઈએ કે ભાજપ ના પ્રચારક તરીકે નીકળવાનું છે અને જિલ્લા પંચાયતની બેઠકો નો પ્રવાસ કરી ને જિલ્લા પ્રમુખ ને રિપોર્ટ આપવાનો રહેશે આ દેશ માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ ગરીબો ના આંસુ લૂછવાનું કામ કર્યું છે આગામી ભારત કેવું હશે તેનો રોડમેપ પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તૈયાર કર્યો છે ભારત વિશ્વ ગુરુ બને તેની વાતો બહુ થઈ પણ મોદી એ કરી બતાવ્યું છે મોદીજી એ આઝાદ ભારત ના ૭ દાયકા પછી વિશ્વ ભારતનું નામ પ્રસ્થાપિત કર્યું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આતંકવાદથી મુક્ત ભારત, ભ્રષ્ટાચાર મુક્ત, ભારત દુનિયા ની ઉજા નમ્બર ની અર્થવ્યવસ્થા આવનારા સમય માં થવા જઈ રહ્યું છે જિલ્લા પંચાયત ના સભ્ય તરીકે તાલુકા પંચાયત ના સદસ્યો સાથે વિસ્તારમાં આવતી સમસ્યા અને કાર્યો ની યાદી ની ચર્ચા કરવી જોઈએ ગરીબ માણસ ની ઝુંપડી માં કેન્દ્ર સરકાર ની યોજનાઓ ને લઈ જાય તે જિલ્લા પંચાયત નો સભ્ય હોઈ છે ચૂંટણી ને હવે ૮ મહિના બાકી છે તો ગ્રામીણ પ્રવાસો કરવા જોઈએ સમયાંતરે જિલ્લા પંચાયત ના સભ્યો એ ધારાસભ્ય અને સંસદ સભ્યો ને મળવાનું રાખવું જોઈએ કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર ની યોજનો જિલ્લા પંચાયત ના સભ્યો ને મોઢે હોવી જોઈએ લોકસભા ની ચૂંટણી માટે ભાજપ હંમેશા તૈયાર જ રહેતું હોય છે ભાજપ ચૂંટણી આવે ત્યારે જ તૈયારી કરતું હોય છે એવું નથી ભાજપ હંમેશા તૈયાર જ હોઈ છે

અભ્યાસ વર્ગ ના ઈન્ચાર્જ રવિ દેશમુખ,જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ,જિલ્લા પ્રભારી ધર્મેશ પંડ્યા, જિલ્લા મહામંત્રી નિલ રાવ, અજિત પરીખ, વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ સતીશ નિશાળીયા હાજર રહ્યા હતા.

# મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ ગરુડેશ્વર તાલુકાના સાંકવા આંગણવાડી કેન્દ્રની મુલાકાત લીધી

| રાજપીપળા, તા.૩૦ |

મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ ચાલી રહેલી આઈ.સી.ડી.એસ. યોજના રાજ્ય સહિત નર્મદા જિલ્લાના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ વર્ષ સુધીના ભૂલકાઓ, સગર્ભા-ધાત્રી માતા, કિશોરીઓના સર્વાંગી વિકાસની જવાબદારીઓને વહન કરી રહ્યું છે. ત્યારે રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ નર્મદા જિલ્લામાં ગરુડેશ્વર તાલુકાના સાંકવા આંગણવાડી કેન્દ્રની ખાસ મુલાકાત લીધી હતી. આ તકે ભાનુબેન બાબરીયાએ ભૂલકાઓ કુપોષણ મુક્ત



બને તે માટે 'શ્રી અન્ન' મિલેટ્સ પર વિશેષ ભાર આપતા જણાવ્યું કે, આપણે સૌ પરંપરાગત ખેત પેદાશો મિલેટ્સ (બાજરી, જુવાર, રાગી, નાગલી) જેવા જાડા ધાન્યનો ઉપયોગ કરીને બાળકો સહિત પોતાના પરિવારને તંદુરસ્ત રાખીને વડાપ્રધાનના સ્વસ્થ ભારતની પરિકલ્પનાને સાકાર કરવા માટે અનુરોધ કર્યો હતો.

મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના આગેવાની હેઠળ આંગણવાડી કેન્દ્ર થકી ઉપલબ્ધ થઈ રહેલા THR - ટેક હોમ રેશનના પેકેટ્સ આરોગ્ય અને પોષણની દ્રષ્ટિએ બાળકો, સગર્ભા-ધાત્રી બહેનો માટે ખૂબ જ લાભદાયક છે. દીકરા-દીકરીને સમાન ગણીને યોગ્ય શિક્ષણ-પોષણ આપીને એક તંદુરસ્ત સમાજના નિર્માણ માટે વાલીઓને એક પગલું આગળ મુકવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે પણ બાળકોને બહારની ચીજ-વસ્તુઓના બદલે મિલેટ્સમાંથી તૈયાર કરેલી સ્વાદિષ્ટ-પૌષ્ટિક વાનગી ખવડાવી બાળકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની કાળજી લેવા જણાવ્યું હતું. સાંકવા આંગણવાડી કેન્દ્ર ખાતે આયોજિત કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકર બહેનોએ મિલેટ્સમાંથી અવનવી વાનગીઓ તૈયાર કરી હતી. ઉપસ્થિત મહેમાનોએ કાર્યકર બહેનોને આવી મિલેટ્સમાંથી તૈયાર કરેલી પૌષ્ટિક વાનગીઓથી અન્ય ગ્રામજનોને જાગૃત કરવા અપીલ કરી હતી. કાર્યક્રમના અંતે મંત્રી બાબરીયાએ વૃક્ષ વાવીને તેને પોતાના બાળકની જેમ ઉછેરવા કાર્યકર બહેનોને આગ્રહ કર્યો હતો. કાર્યક્રમ બાદ મંત્રીએ કેવડિયા સર્કિટ હાઉસ ખાતે આઈસીડીએસના સર્વ કર્મચારીઓ સાથે બેઠક યોજી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે. તમારા મન ને નિયંત્રણ માં રાખવા નું શીખો કારણ કે ઘણી વખત તમે મન નું પાલન કરી ને તમારો કિંમતી સમય બગાડો છો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. આજે કોઈની છેડતી કરશો નહીં.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે. વિદ્યાર્થીઓ ને સલાહ આપવામાં આવે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આજે કોઈક તમારા વખાણ કરશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. રૉમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે. આ રાશિ ના વયસ્ક લોકો મફત સમયમાં આજે તેમના જૂના મિત્રો ને મળવા જઈ શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે? તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે.

**કેન્દ્રીય કર્મચારીઓ માટે ખુશખબર**

# કેન્દ્રીય કર્મીઓના મોંઘવારી ભથ્થામાં થઈ શકે છે વધારો

## ૪ મહિના બાદ કર્મચારીઓને મોંઘવારી ભથ્થાની ભેટ મળવાની છે : તેમાં ૪ ટકા વધારાની આશા વ્યક્ત કરાઈ

। નવી દિલ્હી, તા.૩૦ ।

કેન્દ્ર સરકારના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું જુલાઈમાં ૪૨ ટકાથી વધી ૪૬ ટકા થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. સાતમાં પગાર પંચની ભલામણ પ્રમાણે મોંઘવારી ભથ્થામાં દર છ મહિને ફેરફાર કરવામાં આવે છે. એપ્રિલ મહિનામાં ડીએમાં વધારો જાહેર કરવામાં આવ્યો હતો. ૧ કરોડથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સને તેનો ફાયદો મળવાનો છે. હવે વર્ષ ૨૦૨૩ના બીજા છ મહિના માટે મોંઘવારી ભથ્થું વધવાનું છે. કેન્દ્રીય કર્મચારીઓ માટે આવનારો મહિનો ખુશીઓ લઈને આવશે. સૂત્રો પાસેથી પ્રાપ્ત જાણકારી પ્રમાણે ડીએમાં વધારાની જાહેરાત આ વર્ષે જુલાઈમાં કરવાની હતી. પરંતુ તેનો સમયગાળો વધારવામાં આવ્યો છે. આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ડીએ વધારાની જાહેરાત ઓગસ્ટ મહિનામાં કરી શકાય છે. હકીકતમાં વર્ષમાં બે વખત કેન્દ્રીય કર્મચારીઓના ડીએમાં વધારો કરવામાં આવે છે. જાન્યુઆરીમાં વધારો કરી દેવામાં આવ્યો છે. જાન્યુઆરીથી ૪૨ ટકા ડીએ લગૂ છે. હવે સરકાર જુલાઈ બાદ મોંઘવારી ભથ્થામાં વધારો કરે છે તો ડીએ વધીને ૪૬ ટકા થઈ શકે છે. તેમાં ૪ ટકા વધારાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. એપ્રિલ માટે ૐ-ઉ હક્ષીષ માં ૯ પોઈન્ટનો વધારો થયો છે. તે ૧૩૪.૨ પોઈન્ટ રહ્યો છે. પાછલા મહિનાના મુકાબલે તેમાં ૦.૬૮ ટકાનો વધારો થયો છે. કેન્દ્ર સરકાર હવે દેશના આશરે ૧ કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહતની ભેટ આપી શકે છે. AICPI ઈન્ડેક્સના આંકડાના આધાર પર કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં વધારો કરવામાં આવે છે. આંકડા પ્રમાણે ૪ ટકા વધારાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. તેમાં ડીએ ૪૨ ટકાથી વધુ ૪૬ ટકા થઈ જશે. આ હિસાબથી કેન્દ્રીય કર્મચારીઓના વાર્ષિક પગારમાં ૮૦૦૦ રૂપિયાથી લઈને ૨૭૦૦૦ રૂપિયા સુધીનો વધારો થઈ શકે છે. મોંઘવારી ભથ્થામાં વધારાની સાથે-સાથે કર્મચારીઓના હાઉસ રેન્ટ એલાઉન્સમાં પણ વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. હકીકતમાં કેન્દ્ર સરકારે છેલ્લે જુલાઈ ૨૦૨૧માં તેના હાઉસ રેન્ટ એલાઉન્સમાં ફેરફાર કર્યો હતો. તેવામાં આશા છે કે સરકાર એચઆરએમાં ત્રણ ટકાનો વધારો કરી શકે છે. જો સરકાર આ નિર્ણય કરશે તો ૫૦ લાખથી વધુ કર્મચારીઓને તેનો ફાયદો થશે.

### ન્યુઝ બોક્ષ

## ૪૦ ફૂટ ઉંચા તાજિયા નદીમાં પલટતા ઘણા લોકો ઈજાગ્રસ્ત



। મુરાદાબાદ, તા.૩૦ ।

ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં શનિવારે મોહરમના અવસર પર ૪૦ ફૂટ ઉંચી તાજિયા નદીમાં પલટી જતાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ દરમિયાન ઘણા લોકો તાજિયા નીચે દટાયા હતા. જેના કારણે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટના મુરાદાબાદના ભોજપુરની છે. તાજીયા પલટી જવાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહ્યો છે. તાજિયા નીચે ફસાયેલા લોકોને બચાવવા માટે સ્થાનિક લોકોએ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઘટના ત્યારે બની જ્યારે અહેમદપુર બસમતપુરમાં સ્થાનિક લોકો તાજિયાને કરબલામાં લઈ જઈ રહ્યા હતા. દરમિયાન રસ્તામાં ઢેલા નદી આવે છે. તાજિયાને નદીમાંથી બહાર કાઢવામાં આવ્યો ત્યારે નદીની વચ્ચે તાજિયાનું સંતુલન ખોરવાઈ ગયું. આ દરમિયાન ઘણા લોકો તાજિયા નીચે દબાઈ ગયા હતા. લોકોને બચાવવા માટે નજીકના વિસ્તારના સ્થાનિકો આગળ આવ્યા હતા. કેટલાક લોકોને ઈજા પહોંચી હતી પરંતુ તમામને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા. જણાવવામાં આવી રહ્યું છે કે આ દિવસોમાં ઢેલા નદીનું જળસ્તર સતત વધી રહ્યું છે, પરંતુ આ વખતે ભારે વરસાદને કારણે નદીમાં ઘણું પાણી હતું. જો કે આ પહેલા પણ તાજીયા નદી પાર કરી લેવામાં આવ્યા છે. પરંતુ આ વખતે નદીનો પ્રવાહ ખૂબ જ ઝડપી હતો જેના કારણે આ ઘટના બની હતી. તાજિયાને નદીમાંથી બીજી તરફ લઈ જવામાં આવી રહ્યો હતો, તે સમયે બંને બાજુના લોકોએ તેને દોરડાથી પકડી રાખ્યો હતો. જ્યારે તાજિયા પડી ગયા ત્યારે લોકોએ તેને દોરડાની મદદથી ખેંચવાનું શરૂ કર્યું. ઘણા પ્રયત્નો બાદ તાજિયાને બીજી તરફ ખેંચવામાં આવ્યું હતું પરંતુ પ્રવાહના કારણે તાજિયા તૂટી ગયા હતા.

### યુપીના કાસગંજમાંથી સામે આવ્યો પેશાબકાંડ

# કાસગંજમાં કિન્નરોએ યુવકનું મુંડન કરી પેશાબ પીવડાવ્યો

## બનાવની જાણ થતા પોલીસે કાર્યવાહી હાથ ધરીને પાંચ કિન્નરોને ઝડપી પાડ્યા હતા અને જેલભેગા કર્યા હતા

। કાસગંજ, તા.૩૦ ।

દેશમાં પેશાબકાંડ વધી રહ્યા છે. ત્યારે યુપીમાંથી વધુ એક પેશાબકાંડ સામે આવ્યો છે. અહીં કિન્નરોના એક ગ્રુપે અમાનવીય વ્યવહાર કરીને એક શખસને પેશાબ પીવડાવ્યો હતો. કિન્નરોએ આ શખસને જંગલમાં રોક્યો હતો અને પછી તેનું મુંડન કર્યુ હતુ. બાદમાં તેને પેશાબ પણ પીવડાવ્યો હતો. એટલું જ નહીં આ શખસ પાસેથી રુપિયા પણ પડાવી લેવામાં આવ્યા હતા. શખસે બૂમાબૂમ કરતા આસપાસના ખેતરોમાં કામ કરી રહેલાં લોકો દોડી આવ્યા હતા. જો તેઓ ન પહોંચ્યા હોત તો આ શખસ સાથે ગમે તે થઈ શકતું. યુવકનું માથે મુંડન અને પેશાબ પીવડાવવાની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થો હતો. જે બાદ પોલીસ પણ હરકતમાં આવી હતી. બાદમાં પોલીસે પાંચ કિન્નરોની ધરપકડ કરી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગંજડુંડવારામાં કિન્નરોના બે જૂથ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. એક જૂથ મુહલ્લા ઈમામબક્શમાં રહે છે. જેની લીડર ચાંદની છે અને બીજુ કાંશીરામ કોલોનીમાં રહે છે. જેની લીડર રુપરામ છે. બંને જૂથો વચ્ચે રુપિયા ઉઘવવાના વિસ્તારને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. અવારનવાર આ મામલે વિવાદ થતો રહેતો હોય છે.

### આ યુવક કિન્નરો સાથે નાચવા ગાવા સાથે રૂપિયા માગવા માટે પણ જાય છે



યુવકનો આરોપ છે કે, તે ગરુવારના રોજ કામથી કાસગંજ ગયો હતો. સાંજના સમયે તે પરત ફરી રહ્યો હતો. એ સમયે કિન્નરોના એક જૂથે તેને પકડી લીધો હતો અને બાદમાં મારપીટ કરી હતી. એ પછી બોટલમાં ભરેલા પાણીથી તેનું માથુ પલાળ્યું હતું અને પછી કિન્નરે ખિસ્સામાંથી અસ્ત્રો કાઢીને તેના માથે મુંડન કરી દીધુ હતુ. એ પછી બીજા કિન્નરે તેના મોં પર પેશાબ કર્યો હતો. તે આજીજી કરતો રહ્યો પણ કોઈ માન્યું નહીં. એટલું જ નહીં કિન્નરોએ આ યુવક પાસેથી હજાર રુપિયા પણ પડાવી લીધા હતા. યુવકનો આરોપ છે કે, કિન્નરો તેને પણ કિન્નર બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. બૂમાબૂમ થતા આસપાસના ખેતરોમાં કામ કરી રહેલાં લોકો મદદ માટે દોડી આવ્યા હતા. લોકોને આવતા જોઈને કિન્નરો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. એ પછી પીડિત યુવકે પોલીસ સ્ટેશનમાં પહોંચીને આ મામલે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કાર્યવાહી હાથ ધરીને પાંચ કિન્નરોને ઝડપી પાડીને જેલભેગા કરી દીધા હતા. યુવકનો આરોપ છે કે, જ્યારે તેની સાથે આ ઘટના બની ત્યારે એક કિન્નરે તેનો વીડિયો પણ બનાવ્યો હતો. જે સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયો હતો.




# જ્યારે વધારે પૈસા હોય ત્યારે અભિમાન આવે છે : કપિલ દેવ

## સચિન, સેહવાગ અને દ્રવિડે પોતે પોતાની કારકિર્દીમાં જ્યારે જરૂર પડી ત્યારે સુનીલ ગાવસ્કરની મદદ લીધી છે

। નવી દિલ્હી, તા.૩૦ ।

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ ઓલરાઉન્ડર અને વર્લ્ડકપ વિજેતા કેપ્ટન પોતાના સંન્યાસના આટલા વર્ષ પછી પણ તેઓ ચર્ચામાં રહેતા હોય છે. એ જ કારણ છે કે, તેઓ અવારનવાર ક્રિકેટ સાથે જોડાયેલા પોતાના મંતવ્યો શેર કરતા રહેતા હોય છે. તેઓ ભારતીય ખેલાડીઓની પ્રશંસા કરવાની સાથે સાથે ટીકા પણ કરે છે. હાલમાં જ કપિલ દેવે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ અંગે નિવેદન આપ્યું છે, જેનાથી હોબાળો મચ્યો હતો. તેમણે ભારતીય ખેલાડીઓને જોરદાર સંભળાવી દીધું છે.



સચિન તેંડુલકર, વિરેન્દ્ર સેહવાગ અને કોચ રાહુલ દ્રવિડે પોતે પોતાની કારકિર્દીમાં જ્યારે જરૂર પડી ત્યારે દિગ્ગજ સુનીલ ગાવસ્કરની મદદ લીધી છે, પરંતુ નવી પેઢીમાં આ જોવા મળ્યું નથી. કોઈ પણ ખેલાડી પોતાની સમસ્યાઓ લઈને ગાવસ્કર પાસે નથી ગયો. આના કારણે કપિલ દેવ ખૂબ જ પરેશાન દેખાતા હતા. ધ વીક સાથે વાત કરતા તેણે ખેલાડીઓના આત્મવિશ્વાસને લઈને નિવેદન આપ્યું છે.

કપિલ દેવે વધુમાં જણાવ્યું હતું કે, મતભેદ સામે આવે છે. આ ખેલાડીઓની સારી વાત એ છે કે, તેઓ ખૂબ જ આત્મવિશ્વાસ ધરાવે છે. નકારાત્મક બાબત એ છે કે, તેઓ વિચારે છે કે, તેઓ બધું જ જાણે છે. મને ખબર નથી કે, આને યોગ્ય તરીકે કઈ રીતે કહી શકાય, પરંતુ તેઓ આત્મવિશ્વાસ ધરાવે છે. તેઓ વિચારે છે કે, 'તેમને કોઈને પૂછવાની જરૂર નથી'. અમે માનીએ છીએ કે, અનુભવી વ્યક્તિ તમારી મદદ કરી શકે છે.

કપિદ દેવે જણાવ્યું હતું કે, 'ક્યારેક જ્યારે ઘણા પૈસા હોય છે ત્યારે ઘમંડ આવી જાય છે. આ ક્રિકેટર્સને લાગે છે કે તેઓ બધું જ જાણે છે. આ તફાવત છે. હું કહીશ કે, ઘણા એવા ક્રિકેટર્સ છે, જેમને મદદની જરૂર છે. સુનીલ ગાવસ્કર હોય ત્યારે તમે કેમ વાત નથી કરી શકતા? અહંકાર ક્યાં છે? એવો કોઈ અહંકાર નથી. તેઓ વિચારે છે કે, તેઓ ઘણા સારા હશે, પરંતુ કોઈ આવા વ્યક્તિની વધારે મદદ કે, જેણે ક્રિકેટની ૫૦ સિઝન જોઈ હોય. તેઓ એ વસ્તુ જાણે છે. ક્યારેક ક્યારેક સાંભળી લેવું એ તમારા વિચારને બદલી શકે છે.

### ગુસ્સે થયેલા દીકરાએ ઘરે બોલાવી કર્યો કાંડ

# રસોઈયા સાથે ચાલી રહ્યું હતું વિધવા માતાનું ચક્કર

। બેંગાલુરુ, તા.૩૦ ।

રાજાજીનગરમાં ૨૪ વર્ષીય યુવકે કથિત રીતે છરીના ઘા મારી તેની માતાના ૪૪ વર્ષીય સહકર્મીનું કાસળ કાઢી નાખ્યું હતું. રવિ ભંડારી રાજાજીનગરના છઠ્ઠા બ્લોકમાં પેઈંગ ગેસ્ટ (પીજી) ફેસિલિટીમાં રહેતો હતો, જ્યાં કે રસોઈયા તરીકે કામ કરતો હતો. ગોપાલપરાની હદમાં આવતા કેબી મંદિર રોડ પર રહેતો આરોપી રાહુલ અને તેની મંગેતર ઘટના બાદ ફરાર છે. પોલીસે જણાવ્યું હતું કે, રાહુલ તેની માતા પદ્માવતી સાથેની નિકટતાના કારણે રવિ પર ગુસ્સે હતો. આ સાથે પોલીસે ઉમેર્યું હતું કે, પદ્માવતી રવિને ઘણીવાર તેના ઘરે લઈ આવતી હતી અને બંનેના સંબંધોની જાણ થયા બાદ રાહુલે માતાને ચેતવણી પણ આપી હતી. રાહુલ બાઈક-ટેક્સી ડ્રાઈવર હતો અને ભાડાના મકાનમાં માતા તેમજ મંગેતર સાથે રહેતો હતો. તેની મંગેતર શહેરના એક મોલમાં કામ કરે છે.

# હોસ્ટેલ, પીજીના ભાડા માટે વધુ જીએસટી ચૂકવવો પડશે

। નવી દિલ્હી, તા.૩૦ ।

મોંઘવારીનો પ્રભાવ માત્ર ખાદ્ય ચીજવસ્તુઓ પર જ નહીં પરંતુ રહેવાની સ્થિતિ પર પણ વધ્યો છે. જો તમે હોસ્ટેલ કે પીજીમાં રહો છો તો તમારા માટે ચોંકાવનારા સમાચાર છે. હવે હોસ્ટેલ, પીજીના ભાડા માટે વધુ જીએસટી ચૂકવવો પડશે. ઓથોરિટી ફોર એડવાન્સ રુલીંગ્સ (AAR) એ કેસની સુનાવણી કર્યા પછી, હોસ્ટેલ અને પીજીના ભાડા પર ૧૨ ટકા GST (GST) લાદવાનો આદેશ આપ્યો છે. એટલે કે વિદ્યાર્થીઓ અને હોસ્ટેલ અને પીજીમાં રહેતા લોકો પર ખર્ચનું ભારણ વધવાનું છે. હોસ્ટેલના ભાડા પર હવે ૧૨ ટકા જીએસટી લાગશે, જેના કારણે વિદ્યાર્થીઓએ હવે વધુ ચૂકવણી કરવી પડશે. ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ્સ (AAR) એ બે અલગ-અલગ કેસમાં આ નિર્ણય આપ્યો હતો. AARની બેંગલુરુ બેન્ચે જણાવ્યું હતું કે હોસ્ટેલ રહેણાંક એકમોની સમકક્ષ નથી અને તેથી તેને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)માંથી મુક્તિ આપવામાં આવતી નથી. શ્રીસાઈ લકઝરી સ્ટે એલએલપીની અરજી પર ચુકાદો આપતા, એએઆરએ જણાવ્યું હતું કે ૧૭ જુલાઈ, ૨૦૨૨ સુધી, હોટલ, ક્લબ, કેમ્પસાઈટની આવાસ સેવાઓ પર GST મુક્તિ લાગુ હતી.

**વિશેષ**

### અદાણી ફાઉન્ડેશન, દહેજ દ્વારા "વૃક્ષ થકી વિકાસ" ગ્રામવિકાસની ઝુંબેશ

# લાંબા ગાળાના ટકાઉ વિકાસના કાર્યો માટે સતત પ્રયત્નશીલ છે અદાણી ફાઉન્ડેશન

અદાણી ફાઉન્ડેશન, દહેજ દ્વારા "વૃક્ષ થકી વિકાસ" ગ્રામવિકાસની ઝુંબેશનો પ્રારંભા કરવામાં આવ્યો છે. બાળકો પર્યાવરણ પ્રત્યે જાગૃત રહે, ગામની આબોહવા શુધ્ધ થાય અને ફળાઉ ઝાડ થકી લોકો આવક મેળવે આવા ત્રિવિચાર સાથે અદાણી ફાઉન્ડેશન, દહેજ-ભરૂચ દ્વારા શાળાના બાળકો અને ગ્રામજનોને છોડ અને ફળાઉ ઝાડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ભરૂચ જીલ્લામાં ૧૨૫૦ ઘર, આઠ સ્કૂલ અને આંગણવાડી મળી ૧૯૦૦૦ ફળાઉ ઝાડ વાવવાનું લક્ષ્યાંક છે. જેમાં પ્રથમ દિવસે ૨૩૨૫ ફળાઉ ઝાડનું વિતરણ ઉંબડબારા, પુનપૂજિયા, હાથાકુંડી અને મૌઝા ગામમાં કરવામાં આવ્યું હતું.

છોડ વિતરણ કરવાનો ઉદેશ પર્યાવરણને બચાવો, શાળામા ભણતા વિધાર્થીઓને વૃક્ષથી થતાં ફાયદા અને તેનું મહત્વ સમજાવવું અને ફળાઉ વૃક્ષ થકી ખેડૂતોની આવકમાં વધારો કરવાનો છે. ફળાઉ છોડ આવનારા વર્ષોમાં ખેડૂતને ઉપયોગી થશે અને તેમની આવકમા વધારો થશે. કેસર કેરી, સીતાફળ, જાંબુ, બારમાસી લીંબુડી, ચીકુ, અને જમરૂખની કલમ ખેડૂતોને વિતરિત કરાઈ હતી જેથી ઓછા સમયમાં જ એ ફળ આપતી થઈ જાય. અદાણી ફાઉન્ડેશન લાંબા ગાળાના ટકાઉ વિકાસના કાર્યો માટે સતત પ્રયત્નશીલ છે અને એ દિશાના પ્રયત્નો ભરૂચ જિલ્લાના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારના ગામોમાં કરી રહ્યું છે. તેમ અદાણી ફાઉન્ડેન તરફથી મળેલી એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.



















## ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ફાયર સેફ્ટીને લઈ ચેકિંગ હાથ ધરાશે

અમદાવાદમાં આવેલી રાજસ્થાન હોસ્પિટલમાં આગની ઘટના લાગ્યા બાદ રાજ્યના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલનુ નિવેદન સામે આવ્યુ છે. રાજસ્થાન હોસ્પિટલના બેઝમેન્ટમાં પડેલી બિનજરુરી ચિજો પડી હતી. જેમાં શોટસર્કિટ થવાને લઈ આગ લાગી હતી. પ્રાથમિક જાણકારી આ પ્રકારની સામે આવ્યા બાદ હવે રાજ્યનુ આરોગ્ય વિભાગ સતર્ક બન્યુ છે. આરોગ્ય પ્રધાને કહ્યુ છે કે આ ઘટનાને લઈ રાજ્યમાં આવેલી તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં આ પ્રકારની તપાસ કરવામાં આવશે અને આવી ઘટનાઓની સામે સાવચેતીના આગોતરા પગલા હાથ ધરવામાં આવશે. પ્રધાન ઋષિકેશ પટેલે કહ્યુ હતુ કે, મલ્ટી સ્પેશિયાલિસ્ટ અને અન્ય સરકારી હોસ્પિટલોમાં તપાસ શરુ કરવામાં આવશે. બિનજરુરી ચિજો જે હોસ્પિટલોના બેઝમેન્ટ કે અન્ય સ્થળે પડી હશે એવા ભંગારનો તત્કાળ નિકાલ કરવા માટે સૂચનાઓ કરવામાં આવશે. તપાસ દરમિયાન બેદરકારી દાખવતી સામે આવનારી હોસ્પિટલના જવાબદારોની સામે આરોગ્ય વિભાગ હવે લાલ આંખ કરશે.

# શાહીબાગમાં આવેલી રાજસ્થાન હોસ્પિટલના બેઝમેન્ટમાં આગ લાગી

## બેઝમેન્ટમાં અનેક નકામી વસ્તુઓ મુકવામાં આવી હતી જેમાં આગ લાગતા અચાનક જ ભડકો થયો હતો

। અમદાવાદ, તા.૩૦ ।

શહેરમાં વહેલી સવારે શાહીબાગમાં આવેલી રાજસ્થાન હોસ્પિટલના બેઝમેન્ટમાં આગ લાગી હતી. જે બાદ હોસ્પિટલના તંત્ર દ્વારા ત્યાં સારવાર લઈ રહેલા ૧૦૦ જેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે આ આગમાં કોઈ જાનહાનીના સમાચાર સામે આવ્યા નથી. ત્યારે સવારથી ટોક ઓફ ધ ટાઉન બનેલી આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવી રહ્યા છે. ત્યાં સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે કે, આ બેઝમેન્ટમાં અનેક નકામી વસ્તુઓ મુકવામાં આવી હતી. જેમાં આગ લાગતા અચાનક ભડકો થયો હતો અને આસપાસ રહેલા તમામ વાહનો બળીને ખાખ થઈ ગયા હતા.

આ આગને કારણે ધૂમાડાના ગોટે ગોટા આખા વિસ્તારમાં પ્રસરી ગયા હતા. બેઝમેન્ટમાંથી આગાના ધૂમાડો જ્યાં સુધી ન નીકળે ત્યાં સુધી ફાયર વિભાગ પણ અંદર જઈ શકે તેમ ન હતુ. સીસીટીવીમાં દેખાતા પ્રમાણે બેઝમેન્ટમાં ભંગાર વસ્તુઓ જેમકે, ફર્નિચર, ગાદલા સહિત અન્ય વસ્તુઓ પણ પડી હતી. આ ભંગારમાં અચાનક કોઈ કારણસર આગ લાગી હતી. બેઝમેન્ટમાં લાગેલી વિકરાળ આગને કારણે ૫૦ જેટલા વાહનો આગમાં બળીને ખાખ થઈ ગયા છે. આગ પર કાબૂ મેળવવા માટે ફાયર વિભાગની ૨૯ જેટલી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. આ આગની ઘટના વહેલી સવારે ૪ વાગ્યે લાગી હોવાનુ મનાય છે. અહીં આગ કયા કારણોસર લાગી તે એફએસએલના રિપોર્ટ બાદ જ જાણવા મળશે.

શહેરમાં આવેલી રાજસ્થાન હોસ્પિટલમાં આગ લાગવાની ઘટના બનતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો જો કે કોઈ મોટી જાનહાની ટળી હતી. આગની ઘટનાને પગલે ૧૦૦ જેટલા દર્દીને અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.









શાહીબાગમાં આવેલ રાજસ્થાન હોસ્પિટલમાં વહેલી સવારે અચાનક આગ લાગી ગઈ હતી. જેના કારણે દર્દીઓને બીજી જગ્યાએ શિફ્ટ કરવામાં આવ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## મહેસાણાના ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું

। મહેસાણા, તા.૩૦ ।

મહેસાણાના ધરોઈ ડેમમાંથી પાણી છોડાયું છે. ધરોઈ ડેમમાંથી ૪૦૦૦ ક્યુસેક પાણી છોડાયું છે. ધરોઈ ડેમનો એક ગેટ ખોલવામાં આવ્યો છે. જેના પગલે સાત જિલ્લાના કલેક્ટરને એલર્ટની જાણ કરાઈ છે. સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠા, ખેડા, આણંદ, મહેસાણા જિલ્લાને એલર્ટ સ્ટેજની જાણ કરાઈ છે. બીજી બાજુ, વધુ વરસાદ થાય તો આઉટફલોમાં વધારો થઈ શકે છે. જેના પગલે નીચાણવાળા વિસ્તારોને સલામત સ્થળે ખસવા સૂચના અપાઈ છે. ધરોઈ ડેમની કુલ ૬૨૨ સપાટી સામે ૬૧૯ ફૂટ સુધી ભરાશે. ચાલુ માસે સપાટી ૬૧૯ ફૂટ સુધી ભરવા મંજૂરી મળી છે. હાલમાં ડેમની જળ સપાટી ૬૧૮.૩૮ ફૂટે પહોંચી છે. જ્યારે ડેમનો જળ સ્ટોક ૮૬.૨૦% થયો છે. ધરોઈ ડેમમાંથી આજે પાણી છોડવામાં આવ્યું છે. ૪૦૦૦ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે. ધરોઈ ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો છે. ૭ જિલ્લાના કલેક્ટર ને એલર્ટ સ્ટેજની જાણ કરાઈ છે. સ્રાવ ક્ષેત્રમાં વધુ વરસાદ પડે તો ક્રમશ આઉટ ફલોમાં વધારો થશે.

### મોદીએ ગુજરાતને આપી મેગા ગિફ્ટ

## ગુજરાત પોલીસ હવે નવા વેશમાં જોવા મળી શકે છે

। ગાંધીનગર, તા.૩૦ ।

પોલીસની વાત આવે એટલે બહુચર્ચિત ફિલ્મ શોલેનો ડાયલોગ યાદ આવી જાય. હમ અંગ્રેજો કે જમાને કે જેલર હૈ. આ વાક્ય મહદઅંશે આજે પણ યોગ્ય લાગે છે. કારણ કે, ગુજરાત પોલીસ બ્રિટિશકાળથી ચાલી આવતો ખાખી કલરની વર્દી પહેરે છે. હવે સમય આવી ગયો બદલાવનો. ગુજરાત પોલીસની છબીની સાથે હવે યુનિફોર્મ બદલવાની પણ જરૂર પડી છે. અંગ્રેજોના સમયની ગુજરાત પોલીસની યુનિફોર્મમાં હવે ફેરફારો કરાશે. ગાંધીનગર સહિત પાંચ જિલ્લાના ૭ હજાર પોલીસકર્મીનો સર્વે કરાયો છે. ત્યારે હવે જલ્દી જ ગુજરાત પોલીસના જવાનો નવા રૂપ-રંગમાં જોવા મળશે. ૧૮૪૭ થી ભારતીય પોલીસ ખાખી રંગની વર્દી પહેરે છે. જે અંગ્રેજોના જમાનાનો ડ્રેસ છે. પોલીસની ઓળખ એટલે ખાખી વર્દી. બ્યૂરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ મોડર્નાનાઈઝેશન દ્વારા આ અગાઉ પોલીસના વર્તમાન ડ્રેસને બદલવાની ભલામણ કરાઈ હતી. ખાખી



રંગ અસલમાં ધૂળ-માટીનો રંગ છે. ૧૮૪૭માં સર હેરી લમ્સડેને સત્તાવાર રીતે ખાખી રંગની વરદી અપનાવી. એ જ સમયથી ભારતીય પોલીસમાં ખાખી રંગની વરદી સામેલ થઈ. બસ, ત્યારથી આ વર્દી પોલીસની ઓળખ બની ગઈ.

ખાખી વર્દી બદલવા માટે મોટાપાયે સરવે કરાયો છે. જાણીતી અનંત નૅશનલ યુનિવર્સિટનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ભવ્યા રાણા અને તેમની ટીમ દ્વારા આ સરવે હાથ ધરાયો હતો. જેમાં ૩૫થી વધુ શહેરોમાં ફરજ બજાવતા વિવિધ રેન્કનાં ૭ હજારથી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ પાસેથી તેમનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. કહેવાય છે કે, આ સરવેના આધારે યુનિફોર્મની ખાસ ડિઝાઈન તૈયાર કરાઈ છે.

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ હાજર રહ્યા હતા

## પ્રથમવાર એસપીજીનું સૌથી મોટું સંમેલન યોજવામાં આવ્યું

### પ્રેમ લગ્ન માટે માતા-પિતાની સહી ફરજિયાત કરવા માટે જરૂરી અભ્યાસ કરીને નિર્ણય કરાશે : મુખ્યમંત્રી

। મહેસાણા, તા.૩૦ ।

લોકસભા ચૂંટણી પહેલા પાટીદારોનું આજે શક્તિપ્રદર્શન જોવા મળ્યું. પાટીદારોના ગઢ મહેસાણામાં આજે સૌથી મોટું સંમેલન યોજાયું હતું. SPGના બેનર હેઠળ આ સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ હાજર રહ્યા હતા આ સિવાય નીતિન પટેલ સહિત અનેક દિગ્ગજો કાર્યક્રમમાં હાજર રહ્યા. આ પ્રસંગે મહેસાણામાં એસપીજીના સભ્યોએ ફરીથી પ્રેમલગ્નનો મુદ્દો ઉઠાવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે પ્રેમલગન માટે માતા-પિતાની સહી ફરજિયાત કરવા માટે જરૂરી અભ્યાસ કરીને નિર્ણય કરાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વસુધૈવ કુંટુંબકમની ભાવના સાથે આગળ વધી રહ્યા છે. સરદાર પટેલે રજવાડા એકઠા કરી દેશ બનાવ્યો એટલે એ ગુણ આપણામાં હોય. સંગઠિત થઈ આપણે આગળ વધીએ છીએ ત્યારે પ્રમુખે સરકારને અનેક વાત યાદ કરાવી હતી. આજની જમાનામાં શિક્ષણ સાથે આગળ વધવું એ જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે, હવેથી નવી શિક્ષણ નિતિનો ફાયદાથી આપણે માતૃભાષામાં શિક્ષણ લઈ શકીશુ. સેવા કરવા માટે આપણે હર હંમેશ તૈયાર એ આપણી સંસ્કૃતિ છે. પાટીદાર સમાજને જ્યાં મુશ્કેલી પડે અને જ્યાં સરકાર તરીકે સાથે રહેવાનું હશે ત્યાં ઉભા રહીશું. બહેનો માટે જે હેલ્પલાઈન શરૂ કરી એ ખુબ મોટી વાત છે. ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ હતું કે, સેમીકોન ઈન્ડિયાની ગાંધીનગરમાં વડાપ્રધાને શરૂઆત કરાવી છે. જેમાં મોટા ભાગના વાહનો અને ઈલેક્ટ્રીક સાધનોમાં સેમી કન્ડકરટ મહત્વનું હોવાનું જણાવ્યું હતું. દેશના તમામ વડાપ્રધાને આ ઉત્પાદન ભારતમાં કરવાનો પ્રયત્ન કર્યો પણ તે શરૂઆત નરેન્દ્ર મોદી કરાવી શક્યા છે. રોજગાર આપવામાં આજે ગુજરાત સૌથી સારા સ્તરે છે. ગુજરાતની નાણાકીય વ્યવસ્થા કોરોના બાદ પણ સારી છે. કોઈ પણ સમસ્યા હોય તો મારી પાસે આવી શકે છે. અંતમાં ભૂપેન્દ્ર પટેલે લવ મેરેજમાં માત પિતાની સહી ફરજીયાત કરવા માટે જરૂરી સ્ટડી કરી નિર્ણય કરવામાં આવશે તેવું મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું.

## સાયબર સંજીવની ૨.૦ અભિયાનનું લોકાર્પણ કરાયું

### ડિજિટલ યુગમાં સાઇબર ક્રાઇમના વધી ગયેલા બનાવો પોલીસ માટે પડકારરૂપ બન્યા છે : રાજ્ય ગૃહ મંત્રી સંઘવી

। સુરત, તા.૩૦ ।

શહેરને સાયબર સેફ સિટી બનાવવા પોલીસ તંત્રએ અડાજન સંજીવ કુમાર ઓડિટોરિયમ હોલ ખાતે રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે સાયબર સંજીવની ૨.૦ અભિયાનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ડિજિટલ યુગમાં સાઈબર ક્રાઈમના વધી ગયેલા બનાવો પોલીસ માટે પડકારરૂપ બન્યા છે. સાઈબર માફિયા નીત-નવી મોડસ ઓપરન્ડીથી સામાન્ય લોકોને છેતરી રહ્યા છે ત્યારે પોલીસ તંત્ર પણ સાઈબર ક્રાઈમ સામે લડવા સજ્જ બની ગયું છે. હેકિંગ, ફિશિંગ, કોલ સ્ફુર્ફિંગ સહિતના બનાવોની સાથો સાથ ડીપ ફેંક જેવા નવા સાઈબર ક્રાઈમે પણ સૌને વિચારતા કરી દીધા હતા. સાયબર ક્રાઈમથી લોકોને આર્થિક રીતે નુકશાન પહોંચાવાના બનાવો વચ્ચે સામાજીક રીતે બદનામ કરવાના કિસ્સાઓમાં પણ ચોંકાવનારો વધારો નોંધાયો છે. સોશિયલ મીડિયાના વધતા વ્યાપ વચ્ચે સાઈબર



ક્રાઈમની ઘટનાઓએ ઉપાડો લીધો છે. આ અંકુશમાં લેવા માટે સુરત પોલીસ દ્વારા રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે સાયબર સંજીવની ૨.૦ અભિયાન લોકાર્પણ કર્યુ છે સાથે જ લોકોને નાટકના માધ્યમથી ડિજિટલ યુગના માધ્યમથી બનતા સાયબર ક્રાઈમ વિશે લોકોને જાગૃત કર્યા હતા. રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ કાર્યક્રમમાં સંબોધિત કરતા જણાવ્યું હતું કે સાયબર ક્રાઈમની લડાઈ પોલીસે નહીં પણ બધાએ સાથે લડાવી પડે. આ સાયબર ક્રાઈમ માટે સુરત પોલીસે રાતદિવસ મહેનત કરી છે. સોશિયલ મીડિયામાં એકાઉન્ટ ધરાવતા લોકો પોલીસેની નેગેટિવ વાત કરનારા તમામ લોકોને અપીલ છે.

# જમીનધારકોના કબજાહક્ક પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકા વસૂલીને નિયમબદ્ધ કરાશે

## ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અન્વયે પારદર્શી-સરળ વહીવટી સુશાસનને વધુ વેગ આપતો મુખ્યમંત્રીનો અભિગમ

। ગાંધીનગર, તા.૩૦ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ઈનામ નાબૂદી કાયદાઓ હેઠળની જમીનોના કબજાહક્ક નિયમબદ્ધ કરવા અંગે એક મહત્ત્વપૂર્ણ ખેડૂતહિતકારી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજ્ય સરકાર આવા જમીનધારકોના કબજાહક્ક પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકા વસૂલીને નિયમબદ્ધ કરશે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અન્વયે પારદર્શી-સરળ વહીવટી સુશાસનને વધુ વેગ આપતો મુખ્યમંત્રીનો અભિગમ જોવા મળ્યો. ઈનામ નાબૂદી કાયદા હેઠળની જમીનોના કબજાહક્ક વર્તમાન જંત્રીના ૨૦ ટકા કિંમત વસૂલીને નિયમબદ્ધ કરાશે. આવા જમીનધારકોના કબજાઓ નિયમબદ્ધ કરવાની સંપૂર્ણ સત્તા જિલ્લા કલેકટરને સોંપવામાં આવી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સંદર્ભમાં મળેલી રજૂઆતોમાં જણાવવામાં આવ્યું હતું કે, આઝાદી બાદ ભૂમિ સુધારણા કાર્યક્રમના ભાગ રૂપે જમીનોના ખેડનારને તેના હક્કો મળી રહે અને મધ્યસ્થીઓ નાબૂદ થાય તે હેતુથી વિવિધ ઈનામ નાબૂદી કાયદાઓથી ચાકરી, નોકરી, સલામી ભરવા જેવા વિવિધ ઈનામો નાબૂદ કરવામાં આવ્યા અને આવી જમીનોના ખેડનારને તેમની જમીનો પરત્વેના સ્વતંત્ર માલિકીહકકો આપવામાં આવ્યા છે. આવા માલિકીહક્કો મેળવવા માટે સમયમર્યાદામાં કબજાહક્કની રકમ ભરવી અનિવાર્ય હતી, પરંતુ ખેડૂતો તેમની કાયદાની અજ્ઞાનતાના લીધે આ કબજાહક્કની રકમ નિયત સમયમર્યાદામાં ભરી શક્યા નથી, જેથી તેમને આ જમીનો પરના સંપૂર્ણ માલિકીહક્ક મળેલ નથી અને તેઓ લીટી નીચેના કબજેદાર તરીકે ચાલતા આવેલા છે. એટલું જ નહીં, આવા લીટી નીચેના કબજેદારો દ્વારા જમીનો પરત્વે ઉત્તરોતર વેચાણો પણ કરવામાં આવેલ છે. આવા જમીનધારકોના કબજાઓ નિયમિત થયા ન હોવાના લીધે આવા કબજેદારો સરકારની ખેડૂતલક્ષી યોજનાઓના લાભોથી વંચિત રહી જવા પામતા હતા. તેમજ આવી જમીનોના તબદીલી અને હેતુફેરના સમયે ટાઈટલ ક્લિયરન્સના પ્રશ્નો બહોળી માત્રામાં ઉપસ્થિત થયેલા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ થયેલી રજૂઆતોના આધારે એવું પણ ધ્યાનમાં આવ્યું કે હાલના જમીનધારકોને આવી જમીનોના વિકાસ કાર્યો કરવામાં અવરોધ ઉપસ્થિત થતો હતો. તેથી તેઓએ રાજ્યમાં સુશાસનને વધુ વેગ આપતાં પારદર્શી અને સરળ વહીવટી પ્રક્રિયાઓ સાથે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અન્વયે આવા જમીનધારકોના કબજાઓ નિયમબદ્ધ કરી આપવાના જે દિશા નિર્દેશો આપેલા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર




ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો

આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો

દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...

cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨